

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 026
Dt.: 04-10-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


# ઉત્તરાખંડના મસૂરી-કૈંચી ધામથી લઈને હિમાચલના મનાલી સુધી પ્રવાસીઓનું ઘોડાપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

૨ ઓક્ટોબરની રજા અને લોંગ વીકેન્ડના સંયોગથી પહાડી રાજ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પ્રવાસન સ્થળો પર સહેલાણીઓનો જબરદસ્ત ધસારો જોવા મળ્યો છે. હવામાન ખુશનુમા બનતાં જ હજારો પ્રવાસીઓ પહાડો તરફ વળ્યા છે, જેના કારણે ટ્રાફિક અને વહીવટી વ્યવસ્થાઓ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે.

મનાલીમાં ૨ દિવસમાં ૪૦૦૦થી વધુ વાહનોની એન્ટ્રી: હોટેલો ૮૦% પેક

એક અહેવાલ મુજબ, હિમાચલ પ્રદેશના પ્રખ્યાત હિલ સ્ટેશન મનાલીમાં પ્રવાસીઓનો મોટો ધસારો નોંધાયો છે:

વાહનોની ભારે આવક: છેલ્લા બે દિવસમાં ગ્રીન ટેક્સ બેરિયર થઈને ૪૦૦૦થી વધુ પર્યટક વાહનો મનાલી શહેરમાં પ્રવેશ્યા છે.

ટ્રાફિક જામની સ્થિતિ: મોહલ, ભૂંતર, રામશિલા, બાહંગ અને મનાલીના મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. ગ્રીન ટેક્સ બેરિયર આલુ ગ્રાઉન્ડથી વોલ્વો બસ સ્ટેન્ડ સુધી વાહનો ધીમી ગતિએ રિંગાઈ રહ્યા છે.

હોટેલ વ્યવસાયમાં તેજી: વીકેન્ડને પગલે મનાલી અને આસપાસના વિસ્તારોમાં હોટેલ ઓક્યુપન્સી ૭૦થી ૮૦ ટકા સુધી પહોંચી ગઈ છે, જેનાથી સ્થાનિક વેપારીઓ અને હોટેલિયર્સમાં ખુશીનો માહોલ છે.

પ્રવાસન સ્થળો પર ભીડ: અટલ ટનલ રોહતાંગ, સોલંગનાલા, ગુલાબા, મઢી, સિસુ અને હિડિમ્બા મંદિર જેવા મુખ્ય આકર્ષણો પર હજારો સહેલાણીઓ પહોંચી રહ્યા છે.

ઉત્તરાખંડમાં પહાડોની રાણી મસૂરી અને મસૂરી-દહેરાદૂન માર્ગ પર ભારે જામના દ્રશ્યો સર્જાયા છે:

મિનિટોની મુસાફરી કલાકોમાં ફેરવાઈ: થોડા જ સમયમાં કપાઈ જતું અંતર પાર કરવા માટે પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસીઓને કલાકો સુધી વાહનોમાં બેસી રહેવું પડ્યું હતું.

સાંકડા રસ્તા અને પાર્કિંગ સમસ્યા: રસ્તા પર આડેધડ પાર્કિંગને કારણે માર્ગો વધુ સાંકડા બન્યા હતા. પોલીસની વન-વે વ્યવસ્થા અને ડાયવર્ઝન પ્લાન વાહનોના ભારે દબાણ સામે ટૂંકા પડ્યા હતા.

કાયમી વ્યવસ્થાની માંગ: પીક સીઝન અને રજાઓમાં વારંવાર સર્જાતી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે દીર્ઘકાલીન ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવાની માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

મસૂરીમાં મંત્રી અને એમ્બ્યુલન્સ ફસાયા: માલ રોડના ભગત સિંહ ચોક, લાઈબ્રેરી ચોક અને કિંગ્રેગમાં વાહનોના પૈડાં થંભી ગયાં હતાં. ભગત સિંહ ચોક પાસે એક ગંભીર એમ્બ્યુલન્સ સાથે કેબિનેટ મંત્રી ગણેશ જોશી પણ લાંબા સમય સુધી ટ્રાફિકમાં અટવાયા હતા.

કૈંચી ધામ માર્ગ પર ૩ કલાકથી વધુ સમય વાહનો અટક્યા: બાબા નીમ કરોલી મહારાજના કૈંચી ધામ ખાતે દર્શનાર્થે પહોંચેલા ભક્તોના કારણે ભીમતાલથી કૈંચી ધામ વચ્ચે વાહનો થંભી ગયાં હતાં, જેનાથી અલ્મોડા, પિથોરાગઢ, રાનીખેત, ધારચૂલા અને હલ્દ્વાની તરફ જતા મુસાફરો કલાકો સુધી ફસાયા હતા.

ઋષિકેશમાં નેપાલીફાર્મથી નીરગડ્ડ સુધી અઢી કલાક: ભારે ભીડને પહોંચી વળવા પોલીસે વાહનોને બ્રહ્મપુરીથી લક્ષ્મણઝૂલા થઈ પશુલોક બેરાજ તરફ વાળવા પડ્યા હતા.

જ્યોતિર્મઠથી વિષ્ણુપ્રયાગ ૭ કિમી લાંબી લાઈન: બદરીનાથ ધામ અને હેમકુંડ સાહિબ યાત્રાના કારણે જ્યોતિર્મઠ-વિષ્ણુપ્રયાગ માર્ગ પર ૭ કિલોમીટર સુધી વાહનોની અનંત કતારો ખડકાઈ ગઈ હતી.

### ફાઈનલમાં પાકિસ્તાનને ૧૯ રને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો

## એશિયન ગેમ્સમાં ભારતે ક્રિકેટમાં પાકિસ્તાનને હરાવી જીત્યો ગોલ્ડ મેડલ

### ટીમ ઈન્ડિયાએ ૨૧૧ રન બનાવ્યા હતા : જવાબમાં પાકિસ્તાની ટીમ ૧૯૨ રન જ બનાવી શકી: અભિષેક શર્માએ ૬૧ અને તિલક વર્માએ ૫૧ રન બનાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે એશિયાડની મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાનને ૧૯ રને હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો છે. ટીમ ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૧૧ રન બનાવ્યા હતા. આ ભારતનો પાકિસ્તાન સામે T20 ઈન્ટરનેશનલમાં સૌથી મોટો સ્કોર હતો. જવાબમાં પાકિસ્તાની ટીમ ૧૯૨ રન જ બનાવી શકી. અભિષેક શર્માએ ૨૮ બોલ પર ૬૧ અને તિલક વર્માએ ૨૨ બોલ પર અણનમ ૫૧ રન બનાવ્યા હતા. અક્ષર પટેલે ૨, વોશિંગ્ટન સુંદરે ૨ અને શિવમ દુબેએ પણ ૨ વિકેટ ઝડપી હતી. આ પહેલા મહિલા ક્રિકેટ ટીમે દેશને વર્તમાન એશિયન ગેમ્સનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

પાકિસ્તાનને આજે ફરી એકવાર હારનો સામનો કરવો પડ્યો! મેદાન યુદ્ધનું હોય કે રમતનું, ભારત સામે ટકરાવાથી પાકિસ્તાનને હાર જ મળે છે. એશિયન ગેમ્સની ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને અત્યંત રોમાંચક મુકાબલામાં ૧૯ રનથી હરાવીને સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીતી લીધો છે. છેલ્લી ઓવરમાં પાકિસ્તાનને જીતવા માટે ૩૩ રનની જરૂર હતી, પરંતુ ભારત તરફથી બોલિંગ કરવા આવેલા શિવમ દુબેએ માત્ર ૧૩ રન આપીને આ ટાર્ગેટને ડિફેન્ડ કર્યો હતો.

ફાઈનલમાં ભારતે ટોસ જીતીને ટૂર્નામેન્ટનો સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો. પાકિસ્તાનને જીતવા માટે પોતાના ૨૦ ઈતિહાસમાં સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરવાનો હતો. એક સમયે ભારત સરળતાથી મેચ જીતી જશે એવું લાગી રહ્યું હતું, પરંતુ હસન નવાઝ એકલા હાથે લડતો રહ્યો. તેણે ૫૧ બોલમાં ૯૬ રન બનાવ્યા હતા, પરંતુ તે ન તો ટીમને જીત અપાવી શક્યા કે ન તો પોતાની સદી પૂરી કરી શક્યો.

ટોસ જીતીને પહેલાં બેટિંગ કરતાં મુશ્કેલ પિચ પર ઓપનર અભિષેક શર્મા અને તિલક વર્માએ તોફાની અડધી સદી ફટકારીને ૬ વિકેટે ૨૧૧ રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. અભિષેકે ૨૮ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા, જેમાં ૩ ચોગ્ગા અને ૭ છગ્ગા સામેલ છે. તિલક વર્માએ છેલ્લી ઓવરોમાં ૨૨ બોલમાં અણનમ ૫૧ રનની ઈનિંગ રમી હતી, જેમાં ૩ ચોગ્ગા અને ૪ છગ્ગા સામેલ છે. તેને શિવમ દુબેનો સારો સાથ મળ્યો, જેણે ૧૫ બોલમાં ૨૭ રન બનાવ્યા હતા.

પાકિસ્તાન તરફથી અહમદ દાનિયાલે ૨૫ રન આપીને ૨ વિકેટ અને અરાફાત મિન્હાસે ૪૩ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી ઓફ સ્પિનર સઈમ અયુબના બોલ પર રિવર્સ શોટ રમવાનો પ્રયાસ કરતી વખતે આઉટ થયો હતો. વૈભવને આઉટ કર્યા બાદ સઈમ અયુબે 'રોકિંગ ધ બેબી' સ્ટાઈલમાં ઉજવણી કરી હતી. કેપ્ટન અય્યર અને કિશન બંને ૧૧થી ૧૫ ઓવરની વચ્ચે મોટા શોટ ન ફટકારી શક્યા. કિશન ઝડપી, સીધા અને થોડા વધુ ઉછાળ ધરાવતા બોલ પર બોલ્ડ થયા બાદ લેગ સ્પિનર અબરારે અય્યરને પણ પેવેલિયન ભેગો કર્યો હતો. આ રીતે ૨ વિકેટે ૯૩ રનના સ્કોર પરથી ભારતનો સ્કોર અચાનક ૫ વિકેટે ૧૩૩ રન થઈ ગયો હતો. જ્યારે એવું લાગી રહ્યું હતું કે ભારત ૨૦૦ રન સુધી પણ નહીં પહોંચી શકે, ત્યારે તિલક અને દુબેની જોડીએ આક્રમક બેટિંગનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

એક સમયે એવું લાગી રહ્યું હતું કે પાકિસ્તાન ૧૦૦ રન સુધી પણ નહીં પહોંચી શકે. ૬.૧ ઓવરમાં માત્ર ૩૯ રનના સ્કોર પર તેની ટોચની ૩ વિકેટ પડી ગઈ હતી, પરંતુ ત્યાર બાદ હસન નવાઝ અને સઈમ અયુબ વચ્ચે ચોથી વિકેટ માટે ૪૮ બોલમાં ૮૭ રનની શાનદાર ભાગીદારી થઈ હતી. સઈમ અયુબે ૨૨ બોલમાં ૨૯ રન બનાવ્યા હતા. બંનેએ પાકિસ્તાનને મેચમાં પાછું લાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૧૫મી ઓવરમાં શિવમ દુબેએ આવીને સઈમને આઉટ કર્યો અને પાકિસ્તાનની છેલ્લી આશા પણ સમાપ્ત થઈ ગઈ હતી.

### બહાર ખાવું, ફરવું અને ખરીદી કરવી હવે અતિશય મોંઘી

## ઓક્ટોબરની શરૂઆત સાથે મોંઘવારીનો વધુ એક ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓક્ટોબર મહિનાની શરૂઆત સામાન્ય લોકો માટે મોંઘવારીનો નવો ઝટકો લઈને આવી છે. તહેવારોની સિઝનમાં જ્યારે ગ્રાહકો ખરીદીની તૈયારી કરી રહ્યા છે, ત્યારે અનેક મહત્ત્વપૂર્ણ વસ્તુઓ અને સેવાઓની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF), ઘરેલુ ઈલેક્ટ્રોનિક સાધનો અને પાસપોર્ટ સેવાઓ મોંઘી થવાથી હોટેલ ઉદ્યોગ, હવાઈ મુસાફરી અને સામાન્ય ગ્રાહકોના બજેટ પર સીધી અસર પડશે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૬૨.૫૦ રૂપિયા સુધીનો વધારો કર્યો છે. આ વધારા પછી રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત વધીને ૨૮૧૦ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે મુંબઈમાં તે ૨૭૬૪ રૂપિયા પર પહોંચી ગઈ છે. પટણામાં સૌથી વધુ ૭૧.૫૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. આના કારણે હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને કેટરિંગ ઉદ્યોગ પર વધારાનો આર્થિક ભાર પડશે અને તહેવારોની સિઝનમાં ખાદ્ય સેવાઓની કિંમતો વધી શકે છે. ચાલુ મહિનાથી એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ના ભાવમાં પ્રતિ લિટર ૧૬ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. એવિએશન સેક્ટરમાં ઈંધણનો ખર્ચ કુલ ઓપરેટિંગ ખર્ચના આશરે ૪૦ ટકા જેટલો મોટો ભાગ ધરાવે છે. આ સંજોગોમાં દશેરા, દિવાળી અને છઠ પૂજા જેવા તહેવારો ટાણે મુસાફરોની વધતી માંગ વચ્ચે એરલાઈન્સ કંપનીઓ દ્વારા હવાઈ ભાડામાં વધારો કરવામાં આવી શકે છે, જેને કારણે આગામી સમયમાં હવાઈ મુસાફરી વધુ મોંઘી સાબિત થશે. વૈશ્વિક બજારમાં તાંબુ, સ્ટીલ અને એલ્યુમિનિયમ જેવા કાચા માલની કિંમતો વધવાને કારણે સ્માર્ટ ટીવી, સ્પ્લિટ એસી, રેફ્રિજરેટર અને વોશિંગ મશીન જેવા ઘરેલુ ઈલેક્ટ્રોનિક સાધનોના ભાવમાં ૫થી ૮ ટકા સુધીનો વધારો થયો છે, જેનાથી ગ્રાહકોએ ૧૨૦૦થી ૩૫૦૦ રૂપિયા સુધી વધુ ચૂકવવા પડશે. આ ઉપરાંત, સામાન્ય શ્રેણીના પાસપોર્ટ માટેના અરજી શુલ્કમાં પણ ૧૦૦૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે, જે વિદેશ જતા કે અભ્યાસ અર્થે અરજી કરતા લોકોને અસર કરશે. અનેક તહેવારો અને લગ્નની આ સિઝનમાં ગેસ સિલિન્ડર, હવાઈ ઈંધણ અને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોના ભાવ વધવાથી સામાન્ય લોકોનું બજેટ ગરમાયું છે. જો ઊર્જા અને કાચા માલની કિંમતો ઊંચી રહેશે તો આગામી સમયમાં અન્ય વસ્તુઓ પર પણ મોંઘવારીનું દબાણ વધી શકે છે.

## વિજય માલ્યાનો દાવો ખોટો: બેન્કોએ હાઈકોર્ટમાં કહ્યું હજુ પણ રૂ.૮,૭૫૨ કરોડ બાકી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિજય માલ્યાએ તાજેતરમાં દાવો કર્યો હતો કે બૅંકોએ તેમના પરના દેવા કરતાં વધુ રકમ વસૂલ કરી લીધી છે. હવે સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા (SBI)ના નેતૃત્વ હેઠળના બૅંકોના જૂથે કોર્ટમાં આ દાવા સામે પોતાનો વિગતવાર જવાબ રજૂ કર્યો છે. બૅન્કોના જણાવ્યા મુજબ, ૩૧ ઑગસ્ટ, ૨૦૨૬ સુધી માલ્યા સાથે જોડાયેલા મામલામાં અંદાજે રૂ.૮,૭૫૨ કરોડની રકમ હજુ પણ ચૂકવવાની બાકી છે. બીજી તરફ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટએ(ED) સ્પષ્ટ કર્યું છે કે સંપત્તિઓની રિકવરી થવાથી મની લોન્ડ્રિંગનો ફોજદારી કેસ આપમેળે પૂરો થઈ જતો નથી. મીડિયા રિપોર્ટ્સ મુજબ, એસબીઆઈની આગેવાની હેઠળના બૅંકોના સમૂહે બોમ્બે હાઈકોર્ટમાં સોગંદનામું દાખલ કરીને વિગત આપી છે કે અત્યાર સુધી કેટલી રકમ વસૂલ થઈ છે. બૅન્કોએ જણાવ્યું કે ડેટ રિકવરી ઑફિસર દ્વારા લગભગ રૂ.૧૦,૨૭૦ કરોડની અસ્થાયી વસૂલાત થઈ છે, જ્યારે ડેટ રિકવરી ટ્રિબ્યુનલ (DRT)માં કેસ દાખલ થતા પહેલા રૂ.૫૪૪.૫૮ કરોડ વસૂલવામાં આવ્યા હતા. જોકે, બૅન્કોનું સ્પષ્ટ કહેવું છે કે માત્ર વસૂલાતના આંકડા જોઈને એવું ન કહી શકાય કે સંપૂર્ણ દેવું ચૂકવાઈ ગયું છે. જાન્યુઆરી ૨૦૨૬માં બૅંકોએ રૂ.૮,૧૩૫.૬૩ કરોડ બાકી હોવાની માહિતી આપી હતી, જે વ્યાજ અને અન્ય રકમો ઉમેરાતા ૩૧ ઑગસ્ટ, ૨૦૨૬ સુધી વધીને રૂ.૮,૭૫૧.૮૬ કરોડ થઈ ગઈ છે. આમાં કાનૂની અને અન્ય ખર્ચાઓનો સમાવેશ થતો નથી. કિંગફિશર એરલાઈન્સના સ્થાપક વિજય માલ્યાએ ૨૦૨૦માં બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને દલીલ કરી હતી કે બૅંકોએ મૂળ દેવા કરતાં વધુ રકમ વસૂલ કરી લીધી છે, તેથી તેમની સામે ચાલી રહેલી ફોજદારી કાર્યવાહી બંધ થવી જોઈએ. માલ્યાને જાન્યુઆરી ૨૦૧૯માં ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા. આ બાબતે EDએ કોર્ટમાં જણાવ્યું છે કે એસબીઆઈને અંદાજે રૂ.૧૪,૧૩૨ કરોડની સંપત્તિઓ પરત અપાઈ ચૂકી છે, પરંતુ સંપત્તિ પાછી મળવાથી કે દેવું વસૂલ થવાથી મની લોન્ડ્રિંગનો ગુનો આપમેળે નાબૂદ થતો નથી. નાણાકીય લેણદેણ અને ફોજદારી આરોપો પર કાનૂની કાર્યવાહી હેઠળ અલગથી નિર્ણય લેવો જરૂરી છે.

### અરવિંદ કેજરીવાલની AAPને વધુ એક ઝટકો લાગ્યો

## મુખ્ય રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા કક્કડ કોંગ્રેસમાં જોડાયા

### દિલ્હીમાં તેમણે કોંગ્રેસના નેતાઓ દેવેન્દ્ર યાદવ, રાજીવ શુક્લા અને પવન ખેડાની હાજરીમાં સભ્યપદ લીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અરવિંદ કેજરીવાલની પાર્ટીને વધુ એક ઝટકો લાગ્યો છે. રાઘવ ચઢ્ઢા સહિત અનેક નેતાઓના બળવા પછી હવે વધુ એક મજબૂત ચહેરાએ પાર્ટીનો સાથ છોડી દીધો છે. ટીવી પર પાર્ટીનો પક્ષ મજબૂતીથી રજૂ કરનારા પ્રવક્તા પ્રિયંકા કક્કડે હવે અરવિંદ કેજરીવાલની પાર્ટી છોડી દીધી છે. તેમણે શનિવારે કોંગ્રેસનો હાથ પકડ્યો છે. પ્રિયંકા કક્કડની સાથે રજત રાકેશ ટંડન અને પૂર્વ ધારાસભ્ય શ્યામ સુંદર શર્માએ પણ કોંગ્રેસનું સભ્યપદ લીધું છે. વ્યવસાયે વકીલ પ્રિયંકા કક્કડ AAP ના મુખ્ય રાષ્ટ્રીય પ્રવક્તા હતા. તેઓ ટીવી ડિબેટ દરમિયાન આમ આદમી પાર્ટીનો પક્ષ ખૂબ જ મજબૂતી અને આક્રમક રીતે રાખવા માટે જાણીતા હતા. ભાજપના પ્રવક્તાઓ સાથેની તેમની ડિબેટના વીડિયો અવારનવાર સોશિયલ મીડિયા પર વાઈરલ થતા હતા. પરંતુ હવે અચાનક તેમણે કોંગ્રેસ પાર્ટીનો હાથ પકડી લીધો છે. દિલ્હી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ દેવેન્દ્ર યાદવ, વરિષ્ઠ નેતા રાજીવ શુક્લા અને પવન ખેડાની હાજરીમાં પ્રિયંકા કક્કડે કોંગ્રેસનું સભ્યપદ મેળવ્યું હતું. કોંગ્રેસમાં જોડાયા બાદ પ્રિયંકા કક્કડે કહ્યું, હું આજે ખૂબ જ ગર્વ સાથે કોંગ્રેસમાં જોડાઈ રહી છું, કારણ કે મારે એ દિલ્હી પાછું જોઈએ છે, જેમાં હું મોટી થઈ હતી. મારે ક્લીન, ગ્રીન, પ્રોગ્રેસિવ અને સેફ દિલ્હી જોઈએ છે, જેમાં હું ઉછરી છું. એક દાયકાથી વધુના અનુભવથી હું અનુભવું છું કે, માત્ર કોંગ્રેસ જ આવું કરી શકે છે. મેં એ પણ અનુભવ્યું કે, આજે આપણા દેશના રાજકારણમાં જો કોઈ નેતા વિશ્વાસપાત્ર હોય તો તે રાહુલ ગાંધી છે. મેં જોયું કે તેઓ એકમાત્ર એવા નેતા છે જેમણે કેમેરા માટે આંસુ નથી વહાવ્યા. મેં જોયું કે તેમને નીચા બતાવવા માટે આખી મશીનરી લગાવી દેવામાં આવી, પરંતુ રાહુલ ગાંધી અને કોંગ્રેસ અટલ રહ્યા. આમ આદમી પાર્ટી છોડવાના કારણોનો ઉલ્લેખ કરતા પ્રિયંકા કક્કડે બંગલો-ચોપર વાળી વાત કહીને સીધું નેતૃત્વ પર નિશાન સાધ્યું હતું. તેમણે ઈશારામાં અરવિંદ કેજરીવાલ પર જ પ્રહાર કરતા કહ્યું કે, મેં આમ આદમી પાર્ટી એટલા માટે છોડી કારણ કે શરૂઆતમાં વાત થઈ રહી હતી કે બંગલો કે ગાડી નહીં લઈએ, પરંતુ પછી ખાનગી મુસાફરી માટે હેલિકોપ્ટર (ચોપર) નો ઉપયોગ થવા લાગ્યો અને હું આ વાતનો બચાવ કરી શકતી નહોતી. આમ આદમી પાર્ટીએ ઘણા બુદ્ધિશાળી લોકોને આકર્ષિત કર્યા હતા, પરંતુ તેઓ તેમને ટકાવી રાખવામાં નિષ્ફળ રહ્યા. આજે કેવા લોકોને સ્થાન મળી રહ્યું છે? એવા નવા-નવા લોકો જેમણે બૂથ લેવલ પર પણ કામ નથી કર્યું, તેમને રાજસ્થાનથી ઉપાડીને પંજાબમાં મોટા-મોટા હોદ્દા, બંગલા અને ગાડીઓ બધું જ આપવામાં આવી રહ્યું છે. હું આ બાબતોનો બચાવ કરી શકતી નહોતી.

### નાયબ વડા પ્રધાને કહ્યું કે યુએઈને ગર્વ છે

## સ્મિતને હોસ્પિટલમાં મળ્યા UAEના નાયબ વડા પ્રધાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અબુધાબી

સંયુક્ત આરબ અમીરાત (UAE)ના નાયબ વડા પ્રધાન શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તોમે શનિવારે ફ્લાયદુબઈ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા ભારતીય પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે હોસ્પિટલમાં મુલાકાત લીધી હતી. નાયબ વડા પ્રધાન રશીદે સ્મિતની હિંમત, જવાબદારી અને ઈમરજન્સીમાં મુસાફરોના જીવ બચાવવાના પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે, અમને તમારા પર ગર્વ છે. યુએઈ સરકારે પણ ભારતીય પાઈલટનો આભાર માન્યો છે.

યુએઈના નાયબ વડા પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મળવાના ફોટા શેર કરતા કહ્યું કે કેપ્ટન સ્મિત મચ્છર માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યું છે. તેમણે કહ્યું કે યુએઈના નેતૃત્વ દ્વારા કેપ્ટન મચ્છરનું ખૂબ સન્માન કરવામાં આવે છે. તેમણે કહ્યું કે UAEને ગર્વ છે કે સ્મિત મચ્છર તેના એરલાઈન બિઝનેસનો એક ભાગ છે, અને તેમણે જે રીતે ઈમરજન્સીનો સામનો કર્યો તે દેશની શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને માનવ જીવનના મહત્વને પ્રતિબિંબિત કરે છે.

UAEમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે કેપ્ટન સ્મિતની સ્થિતિમાં સતત સુધારો થઈ રહ્યો છે અને તેમની સારવાર સારી રીતે ચાલી રહી છે. દૂતાવાસે જણાવ્યું હતું કે, તે સ્મિતના પરિવાર અને સ્થાનિક UAE અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે, અને તેમને જરૂરી તમામ સહાય પૂરી પાડી રહ્યું છે. દૂતાવાસે UAE સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી તબીબી સુવિધાઓ માટે પણ આભાર વ્યક્ત કર્યો હતો અને કેપ્ટન સ્મિતના ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી.




# તંત્રી લેખ......

## ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિતની બહાદુરી અને હાજરીપૂર્ણ બુદ્ધિની વિશ્વભરમાં પ્રશંસા

ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિતની બહાદુરી અને હાજરીપૂર્ણ બુદ્ધિની હાલમાં વિશ્વભરમાં પ્રશંસા થઈ રહી છે. ફલાય દુબઈ ફલાઈટને ક્રેશ કરવાના કો-પાયલોટના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં તેમણે જે હિંમત અને કૌશલ્ય દર્શાવ્યું તે અકલ્પનીય છે. દુબઈથી તેલ અવીવ જતી ફલાય દુબઈ ફલાઈટમાં ઓમાની મૂળના કો-પાયલોટ દ્વારા કેપ્ટન સ્મિત પર અચાનક હુમલો કરવામાં આવ્યો. એવું માનવામાં આવે છે કે હુમલાખોર વિમાન પર નિયંત્રણ મેળવવા અને તેને નીચે પાડવા માંગતો હતો. કલ્પના કરો કે કોકપીટમાં હિંસક સંઘર્ષ દરમિયાન વિમાન લગભગ ૧૭,૪૦૦ ફૂટ નીચે ઉતર્યું ત્યારે તેમાં સવાર લોકોની દુર્દશા કેવી હશે. ગંભીર રીતે ઘાયલ થયા હોવા છતાં, કેપ્ટન સ્મિથે હિંમતભેર કો-પાયલટ સાથે લડ્યા અને કોકપીટનો દરવાજો ખોલવામાં સફળતા મેળવી. કોકપીટનો દરવાજો બહારથી ખોલી શકાતો નથી. જો સ્મિથે દરવાજો ન ખોલ્યો હોત, તો કંઈ પણ થઈ શક્યું હોત. દરવાજો ખોલવાથી મુસાફરો મદદ માટે અંદર આવી શક્યા, અને બંને પાઈલટ્સે, મુસાફરો તરીકે દેખાડીને, વિમાનનો નિયંત્રણ પોતાના હાથમાં લીધો. વડા પ્રધાન મોદીએ સાચું કહ્યું કે કેપ્ટન સ્મિથની બહાદુરીભરી લડાઈએ ૯/૧૧ જેવી બીજી ઘટના અટકાવી. ઈઝરાયલી વડા પ્રધાન નેતન્યાહૂએ પણ ૯/૧૧ જેવી ઘટનાને અટકાવવા બદલ તેમની પ્રશંસા કરી. યુએસ પ્રમુખ ટ્રમ્પે પણ ભારતીય પાઈલટની પ્રશંસા કરી. ઉડાનનો અનુભવ ધરાવતા લોકો આ ઘટનાને અસાધારણ બહાદુરીનું કાર્ય માને છે. કમનસીબે, ભારતમાં કેટલાક વાર્તાકાર છે જે શરમજનક રીતે આને ઈઝરાયલ દ્વારા ખોટા ધ્વજ ઓપરેશન અથવા સ્વ-લાદવામાં આવેલા આક્રમણના કૃત્ય તરીકે દર્શાવી રહ્યા છે. આ હતાશ વ્યક્તિઓ વિશે ચર્ચા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે વિશ્વભરના અખબારોએ આ ઘટના પર ટિપ્પણીઓ પ્રકાશિત કરી છે. વધુમાં, તપાસ શરૂ થઈ ગઈ છે, અને સત્ય બહાર આવશે. આ ઘટનાએ સ્વાભાવિક રીતે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સમાં થયેલા આતંકવાદી હુમલાઓ વિશે ચર્ચા જગાવી છે, જે આ સદીનો સૌથી મોટો આતંકવાદી હુમલો હતો અને વિશ્વને હચમચાવી નાખનાર પ્રથમ હુમલો હતો. તે દિવસે, આતંકવાદીઓએ ચાર વિમાનોનું અપહરણ કર્યું હતું. પહેલું વિમાન વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ઉત્તર ટાવર સાથે અથડાયું હતું. થોડા સમય પછી, બીજું અપહરણ કરાયેલ વિમાન વર્લ્ડ ટ્રેડ સેન્ટરના દક્ષિણ ટાવર સાથે અથડાયું હતું. આના કારણે વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બંને ટાવર પત્તાના ઘરની જેમ તૂટી પડ્યા. ત્રીજું વિમાન વોશિંગ્ટનના સંરક્ષણ મુખ્યાલય પેન્ટાગોન સાથે અથડાયું હતું. ચોથું વિમાન કેમ્પ ડેવિડને નિશાન બનાવીને પિટ્સબર્ગ, પેન્સિલવેનિયામાં ક્રેશ થયું હતું. યુનાઈટેડ સ્ટેટ્સ તે હુમલાઓને રોકવામાં અસમર્થ હતું. ૯/૧૧ ના હુમલામાં સામેલ આતંકવાદીઓ ઉચ્ચ ડિગ્રી ધરાવતા ઉચ્ચ કક્ષાના પરિવારોના હતા. તેમનો હેતુ અમેરિકાના અહંકારનો નાશ કરવાનો હતો. ઓમાનના સહ-પાયલટે વિમાનને ક્રેશ કરવાનો ઈરાદો ક્યાં રાખ્યો હતો તે હજુ પણ અજ્ઞાત છે, પરંતુ એ વાતને અવગણી શકાય નહીં કે ૨૦૦૧ થી ૨૫ વર્ષોમાં, જેહાદી આતંકવાદની માનસિકતા એટલી વ્યાપક રીતે ફેલાઈ ગઈ છે કે આતંકવાદીઓની પદ્ધતિઓને સમજવી લગભગ અશક્ય છે. આ ઘટનાએ ફરી એકવાર પુષ્ટિ આપી કે ૧૯૯૦ થી વૈશ્વિક સ્તરે ફરી ઉભરી આવેલો જેહાદી આતંકવાદ ખતરનાક વૈચારિક સ્તરે ફેલાઈ ગયો છે. ઓમાનના પાયલટની ક્રિયાઓ સૂચવે છે કે તે આત્મઘાતી બોમ્બર બની શકે છે. કેટલાક લોકો તેને ઈરાન પર યુએસ-ઈઝરાયલી હુમલા અથવા ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહીની પ્રતિક્રિયા કહી રહ્યા છે, પરંતુ આતંકવાદી હુમલાઓ ફક્ત યહૂદીઓ અને ઈઝરાયલીઓ સુધી મર્યાદિત નથી. શું આપણે પહેલા વિશ્વના અન્ય દેશોમાં વિવિધ સ્વરૂપોમાં આતંકવાદી ઘટનાઓ જોઈ નથી?




ઉપરોક્ત તસવીર સર્વે નં.૯૧ ઉધના યાર્ડ સુરત ખાતે આવેલ હનુમાન મંદિર મહોલ્લામાં COP ની જગ્યામાં આંગણવાડીની બાજુમાં લાઈબ્રેરી માટે ફાળવવામાં આવેલી જગ્યામાં માત્ર શોભાના ગાંઠિયા સમાન તસવીરમાં દેખાતું બોર્ડ મારીને સત્તાધીશોએ સંતોષ માણ્યો છે. કારણ લિંબાયત ઝોનના કાર્યપાલક ને આ બાબતે તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ લેખિત રજૂઆત કરવા છતાં આજ સુધી આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. એટલુંજ નહીં સદર લાઈબ્રેરીની જગ્યાની વિઝિટ પણ ઝોનલ ચીફ નિલેષ પટેલ, ડેપ્યુ.ઈજનેર કામિનીબેન દોશી, આસિસ્ટ. ઈજનેર જયસુખ રાઠોડ વિગેરે અધિકારીઓ કરી ગયા હોવા છતાં કોઈ કાર્યવાહી આજદિન સુધી કરવામાં આવી નથી. શરમની વાત એ છે કે વાંચે ગુજરાત ભણશે ગુજરાત જેવા રૂપાળા સૂત્રો માત્ર જાહેરાતો પૂરતા જ મર્યાદિત હોય એ ઉપરોક્ત તસવીર જોતાં દેખાઈ રહ્યું છે.

(તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા) સુરત.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો ''બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ'' વિતરણ સમારોહ





રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ગુજરાતના ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને રાજ્ય અને જિલ્લા કક્ષાના 'શ્રેષ્ઠ આત્મા ફાર્મર્સ એવોર્ડ્સ' એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય પ્લેટફોર્મ આપી ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ કરાવવાના હેતુથી રાજ્યમાં આશરે ૧૦૦ જેટલા પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના કુલ વેચાણ કેન્દ્રોની સંખ્યા વધીને ૧,૨૦૦ થઈ છે.

આ સમારોહમાં ખેતીમાં આધુનિક સેટેલાઈટ અને જિયો-સ્પેશિયલ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ખેતી નિયામકની કચેરી અને SAC-ISRO વચ્ચે મહત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કૃષિ વિસ્તરણ સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) તરીકે પસંદગી પામેલા ૧૪ નવનિયુક્ત અધિકારીઓને નિમણૂક પત્રો એનાયત કરાયા હતા. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે ''પહેલું સુખ તે જાતે નર્યા'' – શરીરનું સ્વાસ્થ્ય સૌથી મોટું ધન છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિરેકથી જમીન, પાણી અને પર્યાવરણને થતું નુકસાન અટકાવવા તેમજ માનવ સ્વાસ્થ્ય અને આવનારી પેઢીના ભવિષ્યના રક્ષણ માટે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવો જરૂરી છે. રાજ્યપાલશ્રીએ ડેનમાર્કનું ઉદાહરણ આપતા કહ્યું કે ત્યાં યુરિયા-ડીએપી પર કોઈ સબસિડી નથી. ત્યાં ગાયના છાણ-મૂત્રમાંથી ગોબર ગૅસ અને સજીવ ખાતર બનાવી જમીનનો ઓર્ગેનિક કાર્બન ૨% જાળવી રખાયો છે. પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોના લોકાર્પણને આવકારતાં રાજયપાલશ્રીએ જણાવ્યું કે રાજયમાં આજે ૧૦૦થી વધુ વેચાણ કેન્દ્રો શરૂ થઈ ચૂક્યાં છે. આ કેન્દ્રો માત્ર વેચાણનાં સ્થળો નહીં, પરંતુ ગ્રાહકોના વિશ્વાસનાં કેન્દ્રો બનવા જોઈએ. અહીં શુદ્ધ પ્રાકૃતિક કૃષિ પેદાશો જ વેચાય અને તેમની ગુણવત્તા તથા વિશ્વસનીયતા જળવાય તેની જવાબદારી ખેડૂતો અને સંચાલકોની છે. આ કેન્દ્રો અંગે જનજાગૃતિ લાવી વધુમાં વધુ નાગરિકો સુધી તેની માહિતી પહોંચાડવા તેમણે અનુરોધ કર્યો હતો.રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતા દરેક ખેડૂતને ઓછામાં ઓછા એક નવા ખેડૂતને આ અભિયાન સાથે જોડવા આહ્વાન કર્યું હતું. તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તથા દેશી ગાયના પાલન માટે કરવામાં આવતા પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પુરસ્કૃત ખેડૂતોને અભિનંદન પાઠવી તેમની કામગીરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની રાષ્ટ્રસેવા અને જનસેવામાં સુશાસન, વિકાસ, ટેકનોલોજી અને જનકલ્યાણને કેન્દ્રમાં રાખીને વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, વિકાસનો અર્થ માત્ર માળખાકીય સુવિધાઓનું નિર્માણ નહિં, પરંતુ સામાન્ય નાગરિકના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો પણ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીના ભારતના વિકાસમાં જ્ઞાન, વિજ્ઞાન, સંશોધન અને ટેકનોલોજીની ભૂમિકા મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન' સાથે 'જય અનુસંધાન'નો જે મંત્ર આપ્યો છે તે દેશની સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, વૈજ્ઞાનિક પ્રગતિ અને સંશોધનને એકસાથે જોડે છે.

તેમણે કહ્યું કે, આજે પ્રાકૃતિક ખેતી, ટેકનોલોજી અને પર્યાવરણ સંરક્ષણના સમન્વયથી અન્નદાતાના સશક્તિકરણ તરફ ગુજરાત આગળ વધી રહ્યું છે. કૃષિ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને સંશોધનના ઉપયોગથી ખેડૂતોની આવક, ઉત્પાદનક્ષમતા અને સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ માટે નવી તકો ઊભી થઈ રહી છે.મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતીને વધુ વ્યાપક બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતાં જણાવ્યું કે, જમીનનું સ્વાસ્થ્ય અને માનવ સ્વાસ્થ્ય એકબીજા સાથે જોડાયેલા છે. રાસાયણિક ઈનપુટ્સના યોગ્ય અને સંતુલિત ઉપયોગ, જમીનની ગુણવત્તા જાળવણી તથા ટકાઉ ખેતી પદ્ધતિઓ અંગે ખેડૂતોમાં જાગૃતિ વધારવી સમયની માંગ છે. તેમણે જણાવ્યું કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પોતાના ખેતરો અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્રોત બનાવે અને વ્યવહારું પરિણામો દર્શાવે તો વધુ ખેડૂતો આ પદ્ધતિ તરફ આકર્ષાઈ શકે છે.વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી સાથે જળસંચય અને પાણીના વિવેકપૂર્ણ ઉપયોગને પણ પ્રાથમિકતા આપવી જરૂરી છે. વરસાદના પાણીનો મહત્તમ સંગ્રહ, ભૂગર્ભ જળના રિચાર્જ અને પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે સામૂહિક પ્રયાસોની જરૂર છે.

વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની જાહેર સેવાની ઉજવણી અંતર્ગત યોજાઈ રહેલા વિવિધ કાર્યક્રમોમાં 'સેવા'ને કેન્દ્રસ્થાને રાખવામાં આવી છે, તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સ્વચ્છતા જાળવવી, પાણી બચાવવું, વીજળીનો બિનજરૂરી વપરાશ ઘટાડવો, ઈંધણની બચત કરવી અને કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવું પણ સમાજસેવાના જ સ્વરૂપો છે. લોકોને આ પ્રકારના નાના પરંતુ અસરકારક સંકલ્પોને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવવા પણ મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના અમલીકરણ કે ઉપજના વેચાણમાં કોઈ મુશ્કેલી હોય તો રાજ્ય સરકારનું ધ્યાન દોરવા પણ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે બેસ્ટ ફાર્મરનો એવોર્ડ પ્રાપ્ત કરનારા ખેડૂતો તેમજ રાજ્યના કૃષિ સેવામાં જોડાયેલા અધિકારીઓને મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મિશન તથા રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી હવે એક મોટું અભિયાન બની ચૂક્યું છે. ભણેલા-ગણેલા યુવાનો પણ હવે પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ખેડૂતોને તેમના ઉત્પાદનોનું યોગ્ય માર્કેટિંગ તેમજ સર્ટિફિકેશન મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

### બેલેટ પેપરથી ચૂંટણીની માગ સાથે ખરગેનો પ્રહાર

# દેશમાં નવેસરથી ચૂંટણી કરાવો, PM મોદી ગેરકાયદે સત્તા પર છે

### કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ ભંગ કરવાની માંગ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે દેશની લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ કરીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. તેમણે દાવો કર્યો કે, દેશમાં થયેલી તમામ ચૂંટણીઓ ગેરકાયદેસર રીતે યોજાઈ છે અને તેના આધારે બનેલી સરકારો તથા મુખ્યમંત્રીઓ પણ ગેરકાયદેસર છે. ખડગેએ માગ કરી છે કે, તમામ ગૃહો ભંગ કરીને નવેસરથી ચૂંટણી યોજવામાં આવે અને તેમાં ઈફસ્ને બદલે બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવે. પત્રકારો સાથે વાતચીતમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, આજે આખો દેશ ગેરકાયદે ચૂંટણીઓના આધારે ચાલી રહ્યો છે. મોદી એક ગેરકાયદે વડાપ્રધાન છે, શાહ એક ગેરકાયદે મંત્રી છે અને જ્યાં પણ મુખ્યમંત્રીઓ ચૂંટાયા છે, તે તમામ ગેરકાયદે છે. આ તમામને ભંગ કરી દેવા જોઈએ, નવી ચૂંટણીઓ યોજવી જોઈએ અને ચૂંટણીઓ બેલેટ પેપર દ્વારા કરાવવી જોઈએ. તેમણે ચૂંટણી પ્રક્રિયા અને ઈવીએમના કથિત દુરુપયોગ અંગે પણ આકરા આક્ષેપો કર્યા હતા.

તેમણે ઘણા રાજ્યોમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા(SIR) પ્રક્રિયા પર સવાલો ઉઠાવી કહ્યું કે, આ પ્રક્રિયામાં ભારે ગરબડો થઈ રહી છે અને સરકારની ભૂલોની સીધી અસર લોકશાહી પર પડી રહી છે. INDIA ગઠબંધનની બેઠકમાં ૨૦ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સહમત થયા હતા કે SIR દેશ માટે નુકસાનકારક સાબિત થઈ રહી છે. ગરીબો, શ્રમિકો અને લઘુમતીઓના નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ રહ્યા છે. જો કોઈ બૂથ પરથી ૫૦૦ મતદારોના નામ હટાવી દેવાય તો તેને નિષ્પક્ષ ચૂંટણી કેવી રીતે કહી શકાય?

દેશના પૂર્વ વડાપ્રધાનો જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, પી.વી. નરસિમ્હા રાવ અને રાજીવ ગાંધીના ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, દેશના જૂના નેતાઓએ ક્યારેય લોકશાહીમાં આવી મનમાની પ્રક્રિયા નથી કરી. હાલ જે રીતે સિસ્ટમનો ઉપયોગ થઈ રહ્યો છે તેનાથી યુવાનો, ગરીબો અને દલિતોને સૌથી વધુ સહન કરવું પડે છે. ધનિક વ્યક્તિ પોતાનું કામ કરાવી લે છે, પરંતુ ગરીબ વ્યક્તિએ મતદાર યાદીમાં નામ સુધારવા વારંવાર સરકારી કચેરીઓના ચક્કર કાપવા પડે છે.

મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગે ૨૦૨૩માં બનેલા નવા કાયદા પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું કે, પહેલાં ચૂંટણી કમિશનરોની પસંદગી સમિતિમાં દેશના મુખ્ય ન્યાયાધીશ, વિપક્ષના નેતા અને વડાપ્રધાન સામેલ હતા. નવા કાયદામાં મુખ્ય ન્યાયાધીશને હટાવીને તેમની જગ્યાએ કેન્દ્રીય મંત્રીને મૂકી દેવાયા છે. કાયદાની કલમ ૧૬ હેઠળ ચૂંટણી કમિશનરોને કાનૂની કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવી છે, જેના કારણે ચૂંટણી સંસ્થાઓની સ્વાયત્તતા અને જવાબદેહી ખતમ થઈ રહી છે. દેશના ભવિષ્ય અંગે ચેતવણી આપતાં તેમણે ઉમેર્યું કે, હવે દેશે પોતે નક્કી કરવું પડશે કે લોકશાહી બચાવવી છે કે તેને ખતમ થવા દેવી છે. આ અન્યાય સામે દિલ્હીમાં વિરોધ શરૂ થઈ ગયો છે અને ૬ ઓક્ટોબરે વિપક્ષી સાંસદો ચૂંટણી પંચ સુધી કૂચ કરશે. જનતાને જાગૃત કરવા માટે દર ત્રણ-ચાર દિવસે દેશભરમાં વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે.

### ૪ ટનની બુદ્ધ પ્રતિમા ધરાવતા 'પ્રેરણાસ્થળ'નું કરશે ઉદ્ઘાટન

# વડાપ્રધાન ૩ નવેમ્બરે મહારાષ્ટ્રના બારામતીની મુલાકાત લેશે

### આ કાર્યક્રમ માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને આમંત્રણ અપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩ નવેમ્બરે મહારાષ્ટ્રના બારામતીની મુલાકાત લેશે. અહીં તેઓ વિદ્યા પ્રતિષ્ઠાનના પરિસરમાં નવનિર્મિત 'પ્રેરણાસ્થળ'નું ઉદ્ઘાટન કરશે. આ સ્થળે ભગવાન બુદ્ધની વિશાળ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. જેનું વજન ૪ ટન હોવાનું જાણવા મળે છે. NCP (SP)ના પ્રમુખ શરદ પવારે આ અંગે માહિતી આપી છે.

શરદ પવારે જણાવ્યું કે, આ કાર્યક્રમ માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવાર ઉપરાંત સીરમ ઈન્સ્ટિટ્યૂટના સાયરસ પૂનાવાલા તથા માઈક્રોસોફ્ટના પ્રતિનિધિઓને આમંત્રણ અપાયું છે. બારામતીમાં આવેલું વિદ્યા પ્રતિષ્ઠાન એક શૈક્ષણિક સંસ્થા છે, જેના શરદ પવાર અધ્યક્ષ છે. 'પ્રેરણાસ્થળ'ના પરિસરમાં અનેક મહાનુભાવોના ચિત્રો અને તસવીરો પણ પ્રદર્શિત કરવામાં આવશે. તેમાં રાજમાતા જીજાઉ, છત્રપતિ શિવાજી મહારાજ, અહિલ્યાદેવી હોલકર, જ્યોતિરાવ ફુલે, સાવિત્રીબાઈ ફુલે, મહાત્મા ગાંધી, બાબાસાહેબ આંબેડકર અને શરદ પવારની માતા શારદાબાઈ પવારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત PM Modi બારામતીમાં સ્થાપિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કેન્દ્રની પણ મુલાકાત લેશે. શરદ પવારના જણાવ્યા મુજબ, આ કેન્દ્રમાં અત્યાર સુધીમાં ૬૪૦ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે.

### શિષ્યના મોત બાદ યુવતી-બાળક ગુમ

# વિરાટ-અનુષ્કા જેવા ભક્તો ધરાવતા પ્રેમાનંદ મહારાજનો આશ્રમ વિવાદમાં

### ૧૭ વર્ષનો અનુજ ચૌધરી ગાયબ થતા તેના પરિવારજનો ધરણા પર બેઠાઃ આશ્રમમાંથી નોઈડાની યુવતી ગુમ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મથુરા

પ્રેમાનંદ મહારાજનો આશ્રમ સતત વિવાદમાં સપડાઈ રહ્યો છે. એક શિષ્યની શંકાસ્પદ પરિસ્થિતિમાં મોત બાદ હવે આશ્રમમાંથી એક કિશોર ગાયબ થઈ ગયો છે. ૧૭ વર્ષીય અનુજ ચૌધરીના પરિવારજનો સંત પ્રેમાનંદ મહારાજના રાધા કલિ કુંજની સામે ધરણાં પર બેઠા છે. દીકરો હેમખેમ પાછો લાવવાની માગને લઈને પરિવારજનોએ આશ્રમના શિષ્યો પર સહયોગ ન કરવાનો આરોપ લગાવ્યો છે. આ આરોપ અને પરિવારજનોના ધરણાંથી ઘણાં સવાલો ઊભા થઈ રહ્યા છે. પ્રેમાનંદ મહારાજ એવા સંત છે કે જે બહુ ઝડપથી ચર્ચામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરી મહિનામાં જ્યારે વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા તેમની દીકરીને લઈને પ્રેમાનંદ મહારાજના આશ્રમે પહોંચ્યા, ત્યારે વૃંદાવનના મોટાભાગના લોકો પણ પ્રેમાનંદજી મહારાજને જાણતા નહોતા.

પ્રેમાનંદ મહારાજની હાઈટેક ટેક્નિકે સોશિયલ મીડિયાના જમાનામાં તેમને ઝડપથી પ્રસિદ્ધિ અપાવી હતી. રાતે તેમની પદયાત્રામાં લોકો આવવા લાગ્યા. કેટલાક પ્રસિદ્ધ લોકો તેમની મુલાકાતે આવ્યા, જેના કારણે તેઓ વધુ જાણીતા બન્યા. જો કે, છેલ્લા કેટલાક મહિનાઓથી તેમની રાતની પદયાત્રા બંધ છે. આ દરમિયાન પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં નોઈડાથી આવેલી એક યુવતી પણ ગાયબ છે. તેમના પિતા શોધતા શોધતા ત્યાં આવ્યા હતા. તો બીજી તરફ, આશ્રમની બહાર ઢાબામાં કામ કરનારી મહિલાનો ૧૦ વર્ષનો બાળક પણ ગાયબ થઈ ગયો છે.

પ્રેમાનંદ મહારાજની યુટ્યુબ ચેનલ પર છેલ્લા કેટલાય સમયથી સત્સંગના વીડિયો પણ નથી આવી રહ્યા. થોડા સમય પહેલાં તેમના જૂના વીડિયો જોઈ શકાતા હતા, પરંતુ હમણાંથી એ પણ બંધ છે. જ્યારે આ પહેલાં તેમના સત્સંગના જૂના વીડિયો જોઈ શકાતા હતા, પરંતુ એ પણ હવે ગાયબ છે.

પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં બધું બરાબર ચાલે છે કે નહીં, આ વાતે ત્યારે વેગ પકડ્યો જ્યારે પ્રેમાનંદ મહારાજે યમુના પાર આશ્રમ બનાવ્યો અને ત્યાં રહેવા જતા રહ્યા હતા. જો કે, તેના પર કોઈ કંઈ કહી રહ્યું નથી, પરંતુ આ વાત વાયુવેગે ચર્ચામાં આવી હતી. હજુ સુધી એવી કોઈ વાત સામે આવી નથી કે જેનાથી એવું લાગે કે આશ્રમમાં કંઈ અજુગતું થઈ રહ્યું હોય.

પ્રેમાનંદ મહારાજના શિષ્ય મૂળ જબલપુરના રહેવાસી દીપક પટેલ ઉર્ફે રસિક દુલારી શરણની મોત બાદ અનેક સવાલો ઊભા થયા છે.

ઉલ્લેખનીય છે કે, પ્રેમાનંદ મહારાજના આશ્રમ કલિકુંજ નજીક બનેલા ભવનમાં પ્રેમાનંદ મહારાજના શિષ્યો રહે છે. તેમાંથી એક શિષ્યએ ચોથા માળેથી ઝંપલાવ્યું હતું. તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, ત્યારે જાણ થઈ કે તેનો પ્રાઈવેટ પાર્ટ કપાયેલો હતો. પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં નોઈડાથી આવેલી યુવતી ગાયબ છે. તેના પિતા શોધતા શોધતા આવ્યા હતા. ત્યાં આશ્રમ બહાર ઢાબામાં કામ કરતી મહિલાનો ૧૦ વર્ષીય બાળક પણ ગાયબ થઈ ગયો છે. જે સમય અનુજના પરિવારજનો ધરણાં પર બેઠા હતા, ત્યારે નજફગઢની રહેવાસી અનિતા ત્યાં પહોંચી હતી. તેણે તેના ૧૦ વર્ષના દીકરાની ગાયબ થવાની વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તે દીકરા જોડે આશ્રમની બહાર આવેલા ઢાબામાં જમવાનું બનાવવાનું કામ કરે છે. છ દિવસ પહેલાં તે કોઈ કામથી ગામડે ગઈ હતી અને દીકરાને ઢાબા પર જ મૂકીને ગઈ હતી. પહેલાં તે દીકરાને ઢાબાના માલિક પાસે મૂકીને જતી હતી. પરંતુ આ વખતે તેણે પરત આવીને જોયું તો દીકરો ગાયબ હતો.

તો બીજી તરફ નોઈડાના સેક્ટર ૫૬ના રહેવાસી ઉમેશ સિન્હા તેમની ૩૮ વર્ષીય દીકરી વિભાને આશ્રમ બહાર શોધતા જોવા મળ્યા હતા.

તેમનું કહેવું હતું કે, તેમની દીકરી વિભા ૧૫ ઓગસ્ટે ઘરેથી નીકળી હતી. તેમની દીકરી સંત પ્રેમાનંદજી પાસેથી દીક્ષા લેવા માગતી હતી. પરંતુ હજુ સુધી તેનો કોઈ અત્તોપત્તો નથી. આ મામલે તેમણે નોઈડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ પણ કરી હતી, પરંતુ વિભાની કોઈ જાણકારી મળી નહોતી. હાલ સમગ્ર પરિવાર દીકરીના ગાયબ થવાની હેરાન પરેશાન છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307 (M)9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ૧૧મી ઓક્ટોબરથી ૪ રવિવાર વિશેષ મતદાર યાદી નોંધણી કાર્યક્રમ જાહેર




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મતદાર યાદીને વધુ સચોટ અને અદ્યતન બનાવવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ અંતર્ગત ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં રાજયના વિવિધ મતદાન મથકો પર ૪ રવિવારે વિશેષ કેમ્પનુ આયોજન કરવામાં આવશે. ખાસ કરીને પહેલીવાર મતદાર બનવા જઈ રહેલા યુવાનો સહિત મતદાર યાદીમાં નામ નોંધાવવાથી બાકી રહી ગયેલા પાત્ર નાગરીકોને આ કેમ્પનો લાભ મળી શકશે. નાગરીકોને મતદાર નોંધણીની પ્રક્રિયા સરળતાથી પુરી કરી શકાય તે માટે ઓક્ટોબર અને નવેમ્બર દરમિયાન ૪ ખાસ રવિવારના દિવસો નકકી કરવામાં આવ્યા છે. આ દિવસે સંબંધિત અધિકારીઓ અને બુથ લેવલ ઓફીસર મતદાન મથકો પર હાજર રહીને મતદાર યાદી સંબંધિત અરજીઓ સ્વીકારશે, વિશેષ કેમ્પની તારીખોમાં તારીખ ૧૧ ઓક્ટોબર ૨૦૨૬, તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૨૬, તારીખ ૨૫ ઓક્ટોબર ૨૦૨૬, તારીખ ૧ નવેમ્બર ૨૦૨૬ નકકી કરવામાં આવી છે. આ કેમ્પ દરમિયાન સવારે ૧૦ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત કામગીરી કરવામાં આવશે. આ ઝુંબેશમાં ખાસ ધ્યાન ૧૮ અને ૧૯ વરસની ઉંમરના પ્રથમ વખતના પાત્ર યુવા મતદારો પર રાખવામાં આવશે. મતદાર તરીકે નોંધણી માટે પાત્ર હોવા છતાં જેમનુ નામ હજુ સુધી મતદાર યાદીમાં ઉમેરાયુ નથી તેઓ આ કેમ્પ દરમિયાન અરજી કરી શકશે. જો કોઈ પાત્ર નાગરીકનુ નામ મતદાર યાદીમાં નથી તો નવા મતદાર તરીકે નોંધણી માટે ફોર્મ ૬ ભરવાનુ રહેશે. ચુંટણી પંચના સત્તાવાર પોર્ટલ પર આ ફોર્મ ઓનલાઈન ભરવાની સુવિધા ઉપલબ્ધ છે.

અરજી કર્યા બાદ તેની સ્થિતિ પણ ઓનલાઈન તપાસી શકાય છે. આ ઉપરાંત મતદાર યાદીમાં પોતાનુ નામ પહેલેથી નોંધાયેલુ છે કે નહી તે પણ સત્તાવાર પોર્ટલ પરથી તપાસી શકાય છે. ચુંટણીપંચના પોર્ટલ પર મતદાર નોંધણી, અરજીનુ સ્ટેટસ અને મતદાર યાદી સંબંધિત વિવિધ સેવાઓ ઉપલબ્ધ છે. કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ ખાસ જાગૃતિ ઝુંબેશ ચલાવીને યુવા મતદારોની નોંધણી કરવામાં આવશે. આ વિશેષ ઝુંબેશને માત્ર મતદાન મથકો સુધી સિમિત રાખવામાં નહી આવે, મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા કોલેજો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે. વિશેષ કેમ્પ દરમિયાન મતદાર નોંધણીની કામગીરી યોગ્ય રીતે થાય તે માટે અધિકારીઓ દ્વારા દેખરેખ રાખવામાં આવશે. સુપરવાઈઝરો મતદાન મથકોની મુલાકાત લઈને કામગીરીનુ નિરીક્ષણ કરશે, જરૂરીયાત મુજબ જિલ્લા ચુંટણી અધિકારીઓ, ૪ ઓ અને એઈઆરઓ પણ કેમ્પની કામગીરીની સમીક્ષા કરશે. જો તમારી ઉંમર મતદાર તરીકે નોંધણી માટે પાત્ર છે અને હજુ સુધી મતદાર યાદીમાં નામ નોંધાયેલુ નથી તો ફોર્મ ૬ મારફતે અરજી કરી શકાય છે. ઓનલાઈન નોંધણી માટે ચુંટણીપંચ વોટર સર્વિસ પોર્ટલ ઉપયોગ કરી શકાય છે. આ ઉપરાંત નજીકના મતદાન મથક અથવા બીએલઓ અંગેની માહિતી મેળવીને નિર્ધારીત ૪ રવિવારના વિશેષ કેમ્પમાં પણ જઈ શકાય છે. મતદાર યાદીમાં પોતાનુ નામ પહેલે થી છે કે નહી તે પણ સત્તાવાર પોર્ટલ પર તપાસી લેવુ જરૂરી છે.

### જે કહેવું તે કરવુંની કાર્ય સંસ્કૃતિ સાકાર કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રીશ્રીનો ‘સ્વાગત’ ઓનલાઈન બન્યો સામાન્ય ગ્રામીણ નાગરિકની રજૂઆતના ત્વરિત નિવારણનો સકારાત્મક ઉપક્રમ

### આદિજાતિ ગામના કાચા રસ્તાને ડામર સપાટીનો પાકો રોડ બનાવવા ૯૯.૫૦ લાખ રૂપિયા મંજૂર કરતા મુખ્યમંત્રીશ્રી




સામાન્ય નાગરિકોની રજૂઆતો-સમસ્યાઓના અસરકારક નિવારણ તરીકે ‘સ્વાગત’ ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ સચોટ અને અસરકારક માધ્યમ પુરવાર થઈ રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ઓગસ્ટ-૨૬ માસના રાજ્ય સ્વાગતમાં મળેલી આદિજાતિ વિસ્તારના ગ્રામીણ નાગરિકની ગામનો પાકો રસ્તો બનાવવાની રજૂઆતનો ત્વરિત પ્રતિસાદ આપ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં સાબરકાંઠાના વિજયનગર તાલુકાના ભટેલા ગામના કાચા રસ્તાને મેટલ સપાટીમાંથી ડામર રોડ બનાવવાના કામો માટે ૯૯.૫૦ લાખ રૂપિયા મંજૂર કર્યા છે.

સ્ટેટ વાઈડ એટેન્શન ઓન ગ્રીવન્સીસ બાય એપ્લિકેશન ઓફ ટેકનોલોજી-‘સ્વાગત’નો આ જન ફરિયાદ નિવારણ ઉપક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રીશ્રી તરીકેના કાર્યકાળથી શરૂ કરાવેલો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ એ પરંપરાને આગળ ધપાવતા દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગતમાં સ્વયં ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળવા સાથે તેના યોગ્ય નિરાકરણની સૂચનાઓ પણ સંબંધિત વિભાગો-જિલ્લા તંત્રને આપતા રહે છે.

ઓગસ્ટ-૨૬ના રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ સાબરકાંઠાના વિજયનગર તાલુકાના નવાગામ ધનેલાના નાગરિક શ્રી તુષારભાઈએ ભટેલા ગામના મેટલ રસ્તાનું કામ પૂરું કરી ડામર સપાટીનો પાકો રોડ બનાવી આપવા રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ માર્ગ મકાન વિભાગ અને જિલ્લા કલેક્ટર પાસેથી આ રસ્તાના કામ અંગે સ્વાગત દરમિયાન જ વિગતો મેળવીને પોઝિટિવ એપ્રોચ સપનાવીને આ કામ ત્રણ મહિનામાં પૂરું કરી દેવાની સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

એટલું જ નહીં, મુખ્યમંત્રીશ્રીએ આ કામ પૂરું કરવા માટેની જરૂરી નાણાંકીય મંજૂરીઓ પણ માર્ગ મકાન વિભાગને આપીને રૂપિયા ૯૯.૫૦ લાખ ઈમરજન્સી ટેન્ડર રોડ અન્વયે મંજૂર કર્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનસમસ્યાઓના નિવારણ અને લોકહિતના કામો માટે ‘જે કહેવું તે કરવું’ની કાર્ય સંસ્કૃતિ વિકસાવી છે તેનું સ્વયં સ્પષ્ટ ઉદાહરણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સાબરકાંઠાના આદિજાતિ વિસ્તારના વિજયનગરના ભટેલા ગામના પાકા રસ્તાની મંજૂરી આપીને પૂરું પાડ્યું છે.

# પ્રજાની સેવા કરવા માટે ચુંટાયેલા નેતાઓ હવે પગાર ભથ્થામાં વધારાની માંગણી: રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્યોએ પગાર ભથ્થાના વધારાની કરી માંગણી




પ્રતિનિધિ,ગાંધીનગર

લોકસેવા માટે ચુંટાયેલા જિલ્લા પંચાયતના લગભગ તમામ સભ્યોએ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે, પત્રમાં જિલ્લા અને તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યોને માનદ વેતન આપવાની માંગણી કરાઈ છે, લોકોની સેવા માટે ચુંટાયેલા સભ્યોને વેતનની જરૂરીયાત ઉભી થઈ હોવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતના સભ્ય રમીલાબેન મુકેશભાઈ મેરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લેખિત રજુઆત કરી છે, હાલની મોંઘવારી ધ્યાનમાં રાખીને ચુંટાયેલા સભ્યોને મળતા પ્રવાસ સહિતના અન્ય આનુસાંગીક ભથ્થામાં પણ વધારો કરવાની માંગણી કરાઈ છે. રજુઆતમાં જણાવાયુ છે કે રાજયની જિલ્લા પંચાયતોમાં પ્રજાના સીધા મત થી ચુંટાયેલા સભ્યો ગ્રામ્ય વિસ્તારના વિકાસ, સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ અને સરકારની લોકકલ્યાણકારી યોજનાઓના અમલીકરણમાં મહત્વની ભુમિકા ભજવે છે, તેઓ મત વિસ્તારમાં લોકસંપર્ક જાળવે છે, પ્રજાના પ્રશ્નો રજુ કરે છે અને જિલ્લા તથા તાલુકા પંચાયતની બેઠકોમાં ભાગ લઈ વિકાસલક્ષી કામગીરીમાં સમય ફાળવે છે, આ કામગીરી દરમિયાન સભ્યોને અનેક ખર્ચ અને જવાબદારીઓનો સામનો કરવો પડે છે. મતવિસ્તારમાં પ્રવાસ કરી, પ્રજાના પ્રશ્નો સાંભળવા, સ્થળ પર જઈ સમસ્યાઓની જાણકારી મેળવવા અને સંબંધિત તંત્ર સમક્ષ રજુઆત કરવા માટે સમય તેમજ નાણાં બંને ખર્ચાય છે,

આથી લોકસેવાને પ્રોત્સાહન મળે અને સભ્યો જવાબદારી વધુ અસરકારક રીતે નિભાવી શકે તે માટે યોગ્ય માનદ વેતન અથવા માનદ ભથ્થુ આપવામાં આવે તેવી માંગણી કરાઈ છે. વર્તમાન મોંઘવારીને ધ્યાનમાં રાખી પ્રવાસ ભથ્થુ સહિતના અન્ય ભથ્થામાં વધારો કરવા સરકાર વિચારણા કરે તેવી રજુઆત પણ કરાઈ છે.

# અમદાવાદ-વડોદરામાં મનપામાં વિપક્ષ નેતા નકકી કરવા પહેલીવાર કોંગ્રેસ દિલ્હી થી નિરીક્ષકો મોકલશે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણી ૨૬ એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી અને જેના પરીણામો ૨૮ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. પરીણામ આવી ગયુ હોવાના ૫ મહિના થવા છતાં હજુ સુધી અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકામાં કોંગ્રેસ દ્વારા વિપક્ષ નેતાઓની નિમણુંક કરવામાં આવી નથી.

જો કે તે બાદ કોંગ્રેસમાં વિપક્ષ નેતા માટે સેન્સ પ્રક્રિયા પણ લેવામાં આવી હતી. પરંતુ વિપક્ષ નેતા બનવા માટે અંદરો અંદર ગજગ્રાહ હોવાથી હવે દિલ્હીથી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા જ નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવી છે. અમદાવાદમાં વિપક્ષ નેતા નકકી કરવા માટે રાજસ્થાનના ગંગાનગરના સાંસદ કુલદીપ ઈન્દોરાને નિરીક્ષક બનાવાયા છે. જયારે વડોદરામાં એઆઈસીસી ના રાષ્ટ્રીય સેક્રેટરી ગોપીનાથ પલાનીયપનને નિરીક્ષકની જવાબદારી સોંપાઈ છે. પહેલી વખત મહાનગરપાલિકાઓમાં વિપક્ષ નેતા નકકી કરવા માટે એઆઈસીસી એ નિરીક્ષક મુકયા છે. પ્રદેશ કોંગ્રેસે સેન્સ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વિવાદ ન પુરો થતા હવે દિલ્હીના નેતાઓ સેન્સ લઈને વિપક્ષ નેતાની નિમણુંક કરશે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કોંગ્રેસને ધાર્યુ પરીણામ તો મળ્યુ ન હતું, પરંતુ તેની સાથે સાથે ઘણી જગ્યાએ તો વિપક્ષ તરીકે બેસી શકે તેટલી પણ બેઠકો મળી નથી. અમદાવાદ, વડોદરા અને રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં વિપક્ષ નેતા બની શકે તેટલી બેઠકો જીતી છે, જેમાં રાજકોટમાં જ વિપક્ષ નેતાની નિમણુંક કરવામાં આવી છે. પરંતુ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં ૧૯૨ માં થી ૧૬૦ બેઠક ભાજપ અને ૩૨ બેઠક કોંગ્રેસને મળી હતી. તો વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં ૭૬ બેઠકમાંથી ભાજપને ૬૯ બેઠક અને કોંગ્રેસને ૬ બેઠક અને અન્યને ૧ બેઠક મળી હતી. પરંતુ ૫ મહિના કરતા વધુ સમય થઈ ગયો હોવા છતાં સૌથી મોટી અમદાવાદ મહાનગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકામાં હજુ સુધી કોંગ્રેસ વિપક્ષ નેતા બનાવી શકી નથી. અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકામાં કોંગ્રેસના અલગ અલગ ગૃપ પોતાના કોર્પોરેટરને વિપક્ષ નેતા બનાવવામાં આવે તે માટેની જીદ કરીને બેઠા છે. વિપક્ષ નેતા માટે પ્રદેશ કોંગ્રેસ દ્વારા એક મહિના કરતા વધુ સમય થયો છતાં વિવાદના કારણે વિપક્ષ નેતા જાહેર કરવામાં આવ્યા નથી. પ્રદેશ નેતાઓ વિપક્ષ નેતાની નામ પસંદગી માટે અનેક વખત દિલ્હી પણ જઈને આવ્યા છતાં હજુ સુધી વિપક્ષ નેતા બનાવવા માટે કોંગ્રેસમાં નેતાઓ વચ્ચેનો વિવાદ શાંત ન થતા હવે એઆઈસીસી દ્વારા નિરીક્ષકની નિમણુંક કરવામાં આવી છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં વિપક્ષ નેતાની રેસમાં અત્યારે પૂર્વ વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણ અને કોર્પોરેટર નિરવ બક્ષી રેસ માં છે. એક કોર્પોરેટરને વિપક્ષ નેતા બનાવવા કોંગ્રેસના ધારાસભ્ય મેદાને છે, તો એક કોર્પોરેટરને વિપક્ષ નેતા બનાવવા પ્રદેશ પ્રમુખ પોતે મેદાને છે. જેથી બંને નેતાઓની જીદ ના કારણે વિપક્ષ નેતા કોને બનાવવા તેને લઈને કોઈ નિર્ણય લેવાયો નથી. જો કે અનેક વખત બંને નેતાઓને દિલ્હી પણ બોલાવવામાં આવ્યા હતા છતાં આંતરીક ખેંચતાણ હજુ શાંત થઈ નથી.

# મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગર ખાતે HPV રસીકરણ અભિયાનનું સફળ આયોજન

### HPV સંક્રમણથી બચાવ અને સર્વાઈકલ કેન્સરની રોકથામ અંગે જાગૃતિ વધારવાની પહેલ




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં મહિલા આરોગ્ય તથા નિવારક તબીબી સેવાઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ૦૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગર ખાતે HPV (Human Papillomavirus) રસીકરણ અભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન મંડળ રેલવે મેનેજર, ભાવનગર મંડળ શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. અભિયાનનો મુખ્ય ઉદ્દેશ HPV સંક્રમણથી બચાવ, સર્વાઈકલ કેન્સરની રોકથામ તેમજ મહિલા આરોગ્ય અંગે જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો.

અભિયાન દરમિયાન કુલ ૫૯ HPV રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જેમાં ૧૪ લાભાર્થીઓને પ્રથમ ડોઝ તથા ૪૫ લાભાર્થીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. રસીકરણ સાથે લાભાર્થીઓને HPV સંક્રમણથી બચાવ, રસીકરણનું મહત્વ તથા આગામી ડોઝની સમય સૂચિ અંગે જરૂરી આરોગ્ય શિક્ષણ અને પરામર્શ પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે HPV રસીકરણ જેવા નિવારક આરોગ્ય અભિયાનો દ્વારા રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોમાં આરોગ્ય અંગે જાગૃતિ વધારવામાં તેમજ ગંભીર બીમારીઓની રોકથામમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકાય છે. અભિયાનના સફળ આયોજનમાં મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. મનોજ કુમારના અસરકારક નેતૃત્વ, માર્ગદર્શન અને સતત પ્રોત્સાહનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. અભિયાનનું આયોજન અને સંકલન શ્રી અમૃત મરેઠા, મુખ્ય નર્સિંગ અધિક્ષક દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે લાભાર્થીઓને HPV રસીકરણના લાભો, સંક્રમણથી બચાવના ઉપાયો તથા રસીકરણ સંબંધિત જરૂરી માહિતી પૂરી પાડી અને સમગ્ર પ્રક્રિયાને વ્યવસ્થિત તથા સુચારુ રીતે પૂર્ણ કરાવી હતી. મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગર દ્વારા આ અભિયાનના માધ્યમથી “રોકથામ એ સારા આરોગ્યની ચાવી છે”નો સંદેશ અસરકારક રીતે પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ પહેલ રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારો માટે નિવારક, જાગૃતિમૂલક અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં ભાવનગર મંડળની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

### યુપીઆઈ ચાર્જ અંગે વધતો રોષ

# હોલસેલરના ૩૦૦૦૦ ના પેમેન્ટમાં ૪૫૦ નફામાંથી ૧૨૦ રૂ. તો ટેક્સમાં જતા રહેશે

### યુપીઆઈથી કરવામાં આવતા પેમેન્ટની રકમમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની રકમ પણ આવી જ જાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સના વેપારીઓ દોઢ ટકાના માર્જિનમાં ધંધો કરતાં હોવાથી તેને ૩૦ હજાર રૂપિયાના યુપીઆઈના પેમેન્ટ પર ૪૫૦ રૂપિયા માર્જિન મળે છે. આ માર્જિનમાંથી ૩૦ હજાર રૂપિયાના પેમેન્ટ ઉપર ૦.૪ ટકાના દરે ૪૫૦ રૂપિયાના નફામાંથી ૧૨૦ રૂપિયા જીએસટી પેટે કપાઈ જાય તો વેપારીના નફો ઘટીને ૩૩૦ રૂપિયા થઈ જતો હોવાથી તેઓ યુપીઆઈથી ટ્રાન્ઝેક્શન કરવાનુ બંધ કરી દેવાનુ પસંદ કરશે.

બીજીતરફ શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠનના વેપારીઓ કહે છે કે સરકારે વન નેશન વન ટેક્સની કરેલી વાત સાવ જ પોકળ છે.આજે યુપીઆઈથી કરવામાં આવતા પેમેન્ટની રકમમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની રકમ પણ આવી જ જાય છે. તેમ છતાં તે કુલ પેમેન્ટ પર ૦.૪ ટકાના દરે ટેક્સ ચાર્જ કરીને જીએસટીની રકમને પણ ફરીથી વેરાને પાત્ર બનાવી દઈને ટક્સ ઉપર ટેક્સ નાખવાની સમસ્યા ઊભી કરી દીધી છે. યુપીઆઈના માધ્યમથી ૭૫૦૦૦ રૂપિયાનું પેમેન્ટ કરે ત્યારે મહત્તમ ૩૦૦૦ રૂપિયાનો મહત્તમ ટેક્સ ભરવાનો આવે છે. પરંતુ આ નાનો ટેક્સ એફએમસીજીના હોલસેલર્સના ૩૩ ટકા માર્જિન ચાઉં કરી જાય છે. નો પેમેન્ટ ડેના દિવસે જે વેપારીઓનો વિરોધ બુલંદ બનવા માંડ્યો છે.એફએમસીજીના હોલસેલર્સનું કહેવું છે કે એફએમસીજીના હોલસેલર્સ માત્ર ૫ ટકાના ગ્રોસ નફા પર કામ કરી રહ્યા છે. તેમાંથી ત્રણથી સાડા ત્રણ ટકા પગાર અને ડિલીવરીનો ખર્ચ આવે છે.

આ ખર્ચને બાદ કરતાં વેપારીઓ પાસે દોઢ ટકો રકમ બચશે. યુપીઆઈના માધ્યમથી તેનું પેમેન્ટ થાય તો તેના પેમેન્ટ માટે પેમેન્ટની કુલ રકમમાંથી ૦.૪ ટકાના દરે ગણતરી માંડીએ તો ૪૫૦ રૂપિયાના નફામાંથી જીએસટીના ૧૨૦ રૂપિયા કપાઈ જશે. હોલસેલરનો નફો ઘટીને ૩૩૦ રૂપિયા થઈ જશે. વેપારી પાસે પોતાનું ગોદામ હોય તો જ આ રકમ ચોખ્ખા નફા તરીકે બચે છે. પરંતુ તે હોલસેલર પાસે પોતાની માલિકીનું ગોદામ ન હોય અને તે ભાડે લઈને ચલાવતા હોય તો તે હોલસેલરનો નફો ઓર તૂટી જાય છે. આ સ્થિતિમાં વેપારીએ ગાંઠના ગોપીચંદ કરવા પડી શકે છે.આજે પાણીપૂરીના વેપાર કરનારાની ૧૦ હજાર રૂપિયાની દૈનિક આવક હોય તો તેવા સંજોગોમાં સરકારને તેની પાસેથી વેરાની આવક થવાની સંભાવના ઊભી થાય છે. સરકારને તેના વેપારીની આવકનો ચોખ્ખો અંદાજ આપી શકાય છે. આમ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરનારાઓનો તમામ રેકોર્ડ સરકાર પાસે પહોંચતો હોવાથી તેની પાસેથી ભવિષ્યમાં ઈનકમટેક્સની આવક થવાની પણ સંભાવના વધી જતી હતી.

સરકાર યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ટેક્સ લગાડી દીધો હોવાથી આ વેપારીઓ ડિજિટલ પેમેન્ટ લેવાને બદલ રોકડેથી પૈસા લઈને વેપાર કરવાનું પસંદ કરશે.છેલ્લા પાંચ વર્ષમાં રોકડનો વહેવાર ખાસો ઓછો થયો હતો. પરંતુ સરકારે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ ચાલુ કરી દઈને વેપારીઓને ફરીથી રોકડના વહેવારો કરવાની ફરજ પાડી છે.

ડિજિટલ પેમેન્ટ લેનારાઓનો રેકોર્ડ કાઢવામાં આવે તો તેમની સાચી આવક કેટલી છે તેનો અંદાજ આવી શકે છે. પરંતુ હવે લોકો ફરીથી રોકડના વહેવાર કરશે.

# બ્રિટનમાં ડીઝલ કટોકટી, ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીથી યુરોપમાં ગભરાટ ફેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

બ્રિટનમાં ડીઝલ કટોકટી, ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીથી યુરોપમાં ગભરાટ ફેલાયો. બ્રિટનમાં ડીઝલનો ભાવ પહેલી વાર પ્રતિ લિટર ૨ યુરો (લગભગ ૨૧૬ રૂપિયા) ને વટાવી ગયો છે. ડીઝલનો સરેરાશ ભાવ પ્રતિ લિટર ૨૦૦. ૦૧ પેન્સ સુધી વધી ગયો છે.બ્રિટનમાં ડીઝલનો ભાવ પહેલી વાર પ્રતિ લિટર ૨ યુરો (લગભગ ૨૧૬ રૂપિયા) ને વટાવી ગયો છે. ડીઝલનો સરેરાશ ભાવ પ્રતિ લિટર ૨૦૦.૦૧ પેન્સ સુધી વધી ગયો છે. ઈંધણના ભાવમાં આ ઝડપી વધારો ચિંતાનું કારણ છે, કારણ કે તે સૂચવે છે કે શિયાળામાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. ડીઝલનું સંકટ પણ ક્ષિતિજ પર હોઈ શકે છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ યુરોપિયન દેશો પર દબાણ કરી રહ્યા છે કે તેઓ વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે તેમના ભંડારમાંથી ડીઝલ ઈંધણ બજારમાં છોડે. ટ્રમ્પે ચેતવણી પણ આપી છે કે જો સાથી દેશો આમ કરવામાં નિષ્ફળ જાય, તો અમેરિકા ડીઝલની નિકાસ પર પ્રતિબંધ લાદી શકે છે.ભરવાનો ખર્ચ હવે લગભગ ૧૧૦ યુરો (૧૧.૯ હજાર રૂપિયા) થયો છે. આ યુએસ-ઈરાન યુદ્ધના સમય કરતાં લગભગ ૩૨ યુરો (૩૪૬૭ રૂપિયા) વધુ છે. પોલિસી ચીફ સિમોન વિલિયમ્સે જણાવ્યું હતું કે ડીઝલના ભાવમાં સતત વધારો સામાન્ય લોકો અને પરિવહન, ડિલિવરી અને વધુ વાહનો ચલાવવા સાથે સંકળાયેલી કંપનીઓ બંને માટે નોંધપાત્ર સમસ્યાઓનું કારણ બની રહ્યો છે. કેટલાક નિષ્ણાતોનો અંદાજ છે કે જો યુએસ ડીઝલ નિકાસ પર પ્રતિબંધ મૂકે છે, તો બ્રિટનમાં ડીઝલની કિંમત પ્રતિ લિટર ૩ યુરો સુધી પહોંચી શકે છે.અમેરિકાએ યુરોપિયન દેશોને તેમના ડીઝલ ભંડારનો ઉપયોગ કરવા કહ્યું છે. અહેવાલો અનુસાર, અમેરિકા ઈચ્છે છે કે યુરોપિયન યુનિયન આગામી છ મહિનામાં બજારમાં આશરે ૧૨૦ મિલિયન બેરલ ડીઝલ મુક્ત કરે. યુએસ ઉર્જા સચિવ ક્રિસ રાઈટે કહ્યું છે કે યુરોપ ટૂંક સમયમાં વધારાના ડીઝલ પુરવઠાની જાહેરાત કરે તેવી અપેક્ષા છે.


**પશ્ચિમ રેલ્વે- દાહોદ**

ટેન્ડર સૂચના ક્રમાંક: M247GLRSITCAC262726
તારીખ: 01.10.2026

કાર્યનું નામ: ઇલેક્ટ્રિક લોકોમોટિવમાં એર કન્ડીશનરનું ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ જેમાં ટ્રફની વ્યવસ્થા અને ડમી પ્લેટનો પુરવઠો તથા ફિટિંગનો સમાવેશ થાય છે, સ્થળ: મુ. કા. પ્ર. / દાહોદ રેલવે કાર્યાલય, કાર્યની અંદાજિત કિંમત: ₹ 2,02,77,920/-, અર્નેસ્ટ મની : ₹ 4,05,600/- ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ખોલવાની તારીખ અને સમય: ઈ-ટેન્ડર જમા કરાવવાની નિયત તારીખ અને સમય તા. 23.10.2026 ના રોજ 14:30 કલાક સુધી છે અને ઈ-ટેન્ડર તે જ દિવસે 15:00 કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર સૂચના અને ફોર્મની ઉપલબ્ધતા: www.ireps.gov.in/E-Tenders/ Works / IR Electrical. ADM/17/1/277

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

સામગ્રી વ્યવસ્થાપન વિભાગ

વિવિધ સામગ્રીનો પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના ક્રમાંક S/58/2026 તારીખ 29.09.2026

| ક્ર.નં. | ટેન્ડર નંબર | ટૂંકી વિગત | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 472 | 29255019A | ઓર્થોપેડિક ઇલેક્ટ્રો હાઇડ્રોલિક OT ટેબલ | 2 નંગ | 6-નવે-26 |
| 473 | 22261003A | લૉંગ લાઇફ સાઇડ બફર | 401 નંગ | 3-નવે-26 |
| 474 | 22263668 | થ્રી-ફેઝ ઇલેક્ટ્રિક લોકોમોટિવ્સ માટે માઇક્રોપ્રોસેસર આધારિત ઇલેક્ટ્રોનિક સ્પીડ કમ એનર્જી મોનિટરિંગ સિસ્ટમ (ESMON) | 137 સેટ | 28-ઓક્ટો-26 |
| 475 | 14260769 | NJ318 ECMRA/C4HVA3091R2 સિલિન્ડ્રિકલ રોલર બેરિંગ | 135 નંગ | 27-ઓક્ટો-26 |
| 476 | 04261708A | ગેસ ફ્રિઓન-22 IS-5610/1993 મુજબ | 15247 કિ.ગ્રા. | 27-ઓક્ટો-26 |
| 477 | 09265004A | બ્રેક બ્લેન્ડિંગ રેઝિસ્ટર પ્રકાર | 8 નંગ | 26-ઓક્ટો-26 |
| 478 | 09261011 | એક્સલ બોક્સ માટે ફિનિશ મશીન્ડ રિયર કવર | 3237 નંગ | 26-ઓક્ટો-26 |
| 479 | 14265039A | 25 વોટ VHF ડિજિટલ રેડિયો સેટનો પુરવઠો | 618 સેટ | 26-ઓક્ટો-26 |

વિગતવાર સૂચના, EMD, ખરીદી અંગેના પ્રતિબંધો અને ટેન્ડરની વિગતવાર શરતો માટે, કૃપા કરીને www.ireps.gov.in અને wr.indianrailways.gov.in વેબસાઇટની મુલાકાત લો. 0659

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

અહો! આશ્ચર્યમ!!

# રાષ્ટ્રપિતાના જન્મદિવસે અહંકારી સત્તાધીશો સામે રાષ્ટ્રવ્યાપી ઉગ્ર આંદોલન

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા મતદાર યાદીઓમાં કરાયેલા મનમાની ફેરફારો ને કારણે દેશભરમાં ૬૩ કરોડ ઉપરાંત લોકોના મતદાર યાદીઓ માંથી રદ કરાયેલા નામોને કારણે એમના (મતદારોના) મતદાનના છીનવાઈ ગયેલા અધિકારને કારણે દેશભરમાં છેલ્લા દસ દિવસ ઉપરાંત થી જ્ઞાનેશ કુમાર વિરૂધ્ધ ચાલી રહેલું આંદોલન તા.૦૨/૧૦/૨૬ ના રોજ એટલે કે ગાંધીજી ના જન્મદિવસે જ દેશ ભરમાં ફેલાઈ જતાં કેન્દ્ર સરકાર હાલ માં તો બેકફૂટ પર આવી ગઈ છે. કારણ Gen-Z સહિત તમામ વિપક્ષો એ ગાંધી જયંતિના દિવસે આંદોલન ની હાકલ કરી હતી. જેના ભાગ રૂપે જ દિલ્હીના જંતર-મંતર પર કોંગ્રેસ, આપ, ડાબેરી પક્ષો, વિધાર્થી સંગઠનોના હજારો યુવાનો, સામાજીક અગ્રણીઓની સાથે સાથે દેશના જાણીતા વકીલો જ્ઞાનેશ-કુમારના વિરોધ માં સૂત્રોચ્ચાર કરતા રસ્તા પર ઉતરી આવ્યા હતા.

દિલ્હી પોલીસે આંદોલનને દબાવી દેવા માટે ૧૨ મેટ્રો સ્ટેશનો બંધ કરી દીધા હતા, ઈન્ટરનેટ બંધ કરી દીધું હતું. જો કે, દિલ્હી પોલીસે બે માસ એટલે કે જુલાઈ માં વિદ્યાર્થીઓના આંદોલન માંથી બોધપાઠ લઈને શુક્રવારે દેખાવકારોને કાબૂમાં કરવા બળપ્રયોગ કરવાની જરૂર પડી નહોતી. અને છાશ ફૂંકીને પીતી દિલ્હી પોલીસે IB ના ઈનપુટ મેળવ્યા અને અગમચેતી રૂપે પ્લાનિંગ કર્યું હતું. અને એ પ્રમાણે ટોચના રાજકીય નેતાઓ અને કાર્યકરો સહિત ૭૦૦ જેટલા ની અટકાયત કરી હતી. દેખાવકારો એ "એક કચોરી દો સમોસા, જ્ઞાનેશ તુમ્હારા ક્યા ભરોસા", "ગલી ગલી મેં શોર હે, જ્ઞાનેશ વોટ ચોર હે", જેવા સૂત્રોચ્ચારો કરી વાતાવરણ ગજવી નાખ્યું હતું. જ્યારે બીજી બાજુ મુંબઈમાં કોંકરોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં હજારો લોકો રાજકીય રેલીઓ માટે પ્રખ્યાત શિવાજી પાર્ક નજીક એકત્ર થયા હતા. અને કોકરોચ જનતા પાર્ટીએ મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂંક માં પારદર્શિતાની અને ૨૦૨૫ ની મતદાર યાદીને ફ્રીઝ કરવાની માંગણી કરવા સાથે વધુ માં જણાવ્યું હતું કે દિલ્હી પોલીસે મુંબઈ પોલીસ પાસેથી ઘણું શિખવું જોઈએ.

સફાઈ કર્મચારીઓના પ્રશ્નો શાંતિથી સાંભળી ઘટતુ કરવા હૈયા ધરપત આપી હતી

# રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ વાલ્મીકિ સમાજના પ્રશ્નોની લેખીત રજુઆત

## કોન્ટ્રાક્ટ સિસ્ટમ નાબુદ કરવા તથા કોન્ટ્રાક્ટર દ્વારા કર્મચારીઓનું આર્થિક શોષણ અટકાવવા તેમજ યુનિયન ઓફિસોની તાળા તોડી ખાલી કરાવેલ ઓફિસોના કબજા પરત અપાવવા આગેવાનોની માંગ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ સુરત મહાનગરપાલિકાના વિવિધ યુનિયનોના આગેવાનોએ સુરત સરકીટ હાઉસ ખાતે કોન્ટ્રાક્ટ સિસ્ટમ નાબુદ કરવા કોન્ટ્રાક્ટના કર્મચારીઓને પુરતુ વેતન ચુકવવા તથા યુનિયનોની ઓફિસોના તાળા તોડી કબજા લઈ લેવા અંગે સફાઈ કામદારો, બેલદારોના ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવા તેમજ સુરત મહાનગરપાલિકામાં જુની દવાની સિસ્ટમ ચાલુ કરવા વિગેરે રજુઆતો યુનિયનના આગેવાનો દ્વારા કરવામાં આવેલ હતી જે રજુઆતો નાયબ મુખ્યમંત્રીએ શાંતિપૂર્વક સાંભળી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને ઘટતુ કરવા જણાવેલ છે.

માનનીય મુખ્યમંત્રીના લોકાભિમુખ અભિગમથી કર્મચારી આગેવાનોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

# ડીસામાં ટ્રાફીક પોલીસની દબંગગીરીઃ વર્દીના રોફ માં યુવકનો કોલર પકડયોઃ મહિલા સાથે અભદ્ર વર્તનનો વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાંથી ટ્રાફીક પોલીસની દાદાગીરી અને શરમજનક વર્તનનો એક વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે. નિયમોનુ પાલન કરાવવાની જવાબદારી જેમના શીરે છે તેવા જ ટ્રાફીક પોલીસ જવાને કાયદાને નેવે મુકીને રોફ જમાવ્યો હોવાના દ્રશ્યો કેદ થતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.



વાયરલ થયેલા વિડીયોમાં જોઈ શકાય છે કે ડીસામાં વાહન ચેકીંગ દરમિયાન એક બાઈક સવાર યુવક સાથે ટ્રાફીક પોલીસ કર્મીની મામુલી બોલાચાલી થઈ હતી. વાતચીત ઉગ્ર બનતા પોલીસ જવાને પોતાની મર્યાદા ભુલીને યુવકને કોલરથી પકડી લીધો હતો અને બળજબરીપૂર્વક રીક્ષામાં બેસાડી દીધો હતો. એટલુ જ નહી બાઈક સવાર સાથે હાજર મહિલાએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ કર્મીએ તેમની સાથે અત્યંત અભદ્ર ભાષામાં ગાળાગાળી કરી વર્દીનો ગેરફાયદો ઉઠાવ્યો હતો.

ડીસામાં ટ્રાફીક પોલીસની ટ્રાફીક નિયંત્રણની કાર્યવાહી ઓછી અને વાહન ચાલકો પર દાદાગીરી વધુ દેખાતી હોય તેવો ઘાટ સર્જાયો છે. જાહેર રોડ રસ્તા પર જ નાગરીક સાથે આ પ્રકારે આક્રમક વર્તન અને મહિલા પ્રત્યે મર્યાદાહીન વ્યવહાર થતા સ્થાનિક લોકોમાં ભારે રોષ વ્યાપી ઉઠયો છે.

સ્થાનિક રહીશો અને વાહન ચાલકો હવે માંગ કરી રહ્યા છે કે કાયદો હાથમાં લઈને નાગરીકો સાથે ગેરવર્તણુંક કરનાર તેમજ નિયમો બાજુ પર મુકનાર આ ટ્રાફીક પોલીસકર્મી વિરૂધ્ધ ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

# ચુંટણીપંચ ની વિશ્વસનીયતા પર ફરી સવાલ : જ્ઞાનેશકુમાર બાદ વધુ એક ઉચ્ચ અધિકારી સામે પક્ષપાત અને નિયમભંગના આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર સાથે જોડાયેલો રાજકીય ધમસાણ અને વિરોધ પ્રદર્શનો હજુ શાંત પડયા નથી, ત્યાંજ ભારતીય ચુંટણીપંચના વધુ એક વરીષ્ઠ અધિકારી નિવેદનોના વમળમાં ફસાયા છે. જેના કારણે ચુંટણી તંત્રની વિશ્વસનીયતા પર ફરી એકવાર તીક્ષ્ણ સવાલો ઉભા થયા છે.




ચુંટણી પંચના વડા જ્ઞાનેશકુમાર ના રાજીનામાની માંગ સાથે દેશભરમાં અને ખાસ કરીને મહારાષ્ટ્ર સહિતના રાજયોમાં વિરોધ પક્ષો દ્વારા આંદોલનો અને મોરચા ચાલી રહ્યા છે. આ તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ચુંટણીપંચના અન્ય એક ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન અધિકારીની કાર્ય પધ્ધતિ અને નિર્ણયો સામે ગંભીર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. અધિકારી દ્વારા ચુંટણી વ્યવસ્થાપન, નિરીક્ષકોની નિમણુંક અથવા ફરીયાદોના નિકાલ દરમિયાન પક્ષપાતી વલણ દાખવવામાં આવ્યુ હોવાનો આક્ષેપ થતા નવો રાજકીય વિવાદ ભડકી ઉઠયો છે. વિરોધ પક્ષના નેતાઓએ આ નવા ઘટનાક્રમ બાદ ચુંટણી પંચને આડેહાથ લીધુ છે. વિપક્ષનો આરોપ છે કે બંધારણીય સંસ્થા હોવા છતાં ચુંટણીપંચના ઉચ્ચ અધિકારીઓ સત્તાધારી પક્ષ ભાજપના ઈશારે નિર્ણયો લઈ રહ્યા છે અને વિપક્ષી દળો દ્વારા કરવામાં આવતી આચારસંહિતા ભંગની ફરીયાદોને સતત નજર અંદાજ કરી રહ્યા છે.

એક પછી એક ટોચના અધિકારીઓ પર લાગી રહેલા આક્ષેપોને લઈને વિપક્ષી મોરચાએ સંયુકત નિવેદન જારી કરી આ મામલે સ્વતંત્ર અને ન્યાયીક તપાસ હાથ ધરવાની તેમજ જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ કડક પગલા ભરવાની માંગ કરી છે. લોકશાહી ઢાંચામાં ચુંટણીપંચ જેવી સ્વાયત્ત સંસ્થા પર સતત વિવાદોના વાદળો ઘેરાતા સામાન્ય જનતા અને કાનુની વર્તુળોમાં પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. પંચના અધિકારીઓ પર બેઠેલા આ નવા આરોપો અંગે ચુંટણી પંચ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કે વિગતવાર સ્પષ્ટતા આપવામાં આવી નથી. જો કે આગામી મહત્વપૂર્ણ ચુંટણીઓ પૂર્વે પંચના અધિકારીઓ એક પછી એક વિવાદોમાં ઘેરાતા ચુંટણી આચારસંહિતાનુ કડક અમલીકરણ અને સમગ્ર પ્રક્રિયાની વિશ્વસનીયતા જાળવી રાખવી પંચ માટે અગ્નિપરીક્ષા સમાન બની ગઈ છે.

# બાપુ મારા ઘરનુ મેલુ ઉપાડે તો રૂ. ૫ લાખ આપું: સવર્ણો અંગે પૂર્વ મુખ્યમંત્રીના નિવેદનથી સમાજના અગ્રણીઓમાં ભારે રોષ

## શંકરસિંહ વાઘેલાના નિવેદનને લઈ બ્રહ્મસમાજ માં ભારે રોષ: બાપુ મારા ઘરનુ મેલુ ઉપાડે તો ૫ લાખ આપું: યજ્ઞેશ દવે

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે શુક્રવારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવેલી વિવાદીત નિવેદન બાદ રાજયભરમાં ભારે રોષ જોવા મળ્યો છે. શંકરસિંહ વાઘેલાએ કહ્યુ હતુ કે હું ઘણા લોકોને કહુ છું કે જો મેલુ ઉપાડવાની નોકરી કરવી હોય, પછી ભલે તમે વાણીયા, બ્રાહ્મણ કે પટેલ ગમે તે હોય, મેલુ ઉપાડવા બદલ મહિને ૫૦ હજાર રૂપીયા હું તમને આપીશ આ નિવેદનથી સવર્ણ સમાજના અગ્રણીઓ અને વિવિધ રાજકીય નેતાઓમાં ભારે આક્રોશ વ્યાપી ઉઠયો છે.







રાજકોટના બ્રહ્મ સમાજે વાઘેલા સામે સખત વિરોધ નોંધાવ્યો છે. બ્રહ્મસમાજના અગ્રણી હિરેન જોષીએ જણાવ્યુ હતુ કે પૂર્વ મુખ્યમંત્રી જેવા જવાબદાર પદે રહી ચુકેલી વ્યકિત આવુ નિવેદન આપે તે અત્યંત અયોગ્ય છે. આ પ્રકારની વાતો થી સમાજ વચ્ચે વર્ગ વિગ્રહ અને આંતર વિગ્રહ ફેલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. રાજકીય નેતાઓ પોતાના રોટલા શેકવા સમાજ સમાજ વચ્ચે લડાઈ કરાવી રહ્યા છે. જો આગામી ૩ દિવસની અંદર શંકરસિંહ વાઘેલા જાહેરમાં માફી નહી માંગે તો સવર્ણ સમાજ દ્વારા આગામી વ્યુહનીતી ઘડી તેમના નિવાસસ્થાન વસંત વગડો ને દેખાવો કરવામાં આવશે. બ્રહ્મસમાજના અગ્રણી અને ભાજપ નેતા યજ્ઞેશ દવેએ આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે મારે બાપુ ને એ જ કહેવુ છે કે આવા શુભ કાર્યાની શરૂઆત તમે તમારી જાત થી જ કરો, તમે મારા ઘરનુ મેલુ ઉપાડો, હું તમને દર મહિને ૫ લાખ રૂપીયા આપીશ,

શંકરસિંહ વાઘેલાના નિવેદન સામે પાટીદાર નેતાઓમાં પણ ભારે રોષ જોવા મળ્યો છે, ત્યારે પાટીદાર નેતા દિનેશ બાંભણીયાએ કહ્યુ હતુ કે ચોકકસ સમાજને ખુશ કરવા માટે જ આ પ્રકારની ટીપ્પણી કરાઈ છે, જો શંકરસિંહ વાઘેલા પોતે મેલુ ઉપાડે તો તેઓ માંગે એટલા રૂપીયા આપવા તૈયાર છે.

ભાજપના પાટીદાર નેતા અલ્પેશ કથીરીયાએ બાપુના નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢયુ છે. તેમણે કહ્યુ કે આ નિવેદન તેમની ઉંમર અને પરીપકવતાની તદ્દન વિરૂધ્ધ છે, પૂર્વ મુખ્યમંત્રી રહી ચુકેલા નેતાને આવી વાહિયાત વાતો કરતા શરમ આવવી જોઈએ. વડીલોએ તેમની ઉંમર પ્રમાણે મૌન રહેવુ જોઈએ અથવા તો આ પ્રકારની ખુશામતખોરી છોડી સમાજની માફી માંગવી જોઈએ.

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જંગલની જમીનના ખેડાણ મુદ્દે ખેડુતો અને વનવિભાગ વચ્ચે ચાલી રહેલો વિવાદ ફરી વકર્યો છે. આ વિવાદ સંદર્ભે ગાંધીજયંતિના રોજ સાગબારાના ખોપી ગામે એક જાહેરસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

આ સભાને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે હું ઘણા લોકોને કહુ છું કે જો મેલુ ઉપાડવાની નોકરી કરવી હોય, પછી ભલે તમે વાણીયા, બ્રાહ્મણ કે પટેલ ગમે તે હોવ, મેલુ ઉપાડવા બદલ મહિને ૫૦ હજાર રૂપીયા હું તમને આપીશ, તમે આ લોકોનુ મેલુ ઉપાડો અને તેઓ જે હાલતમાં રહે છે તે હાલતમાં રહી જુઓ, ત્યારે ખબર પડશે કે તેઓ કેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. વિજળી નથી, પાણી નથી, કશુ જ નથી, અહીંયા વરસોથી તેમનો હક્ક અને અનામત છે. એસસી / એસટી અને ઓબીસી મળીને ૭૦ ટકા છો, તમે જ ગુજરાતના સાચા માલીક છો,

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસમાં સત્તાવાર વાપસી ન થઈ હોવા છતાં શંકરસિંહ વાઘેલા મંચ પર કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ સાથે એક સુરે અવાજ ઉઠાવતા જોવા મળ્યા હતા. જો કે કેટલાક લોકોનુ માનવુ છે કે શંકરસિંહે તેમના આ નિવેદન થકી આદિવાસીઓની સ્થિતિ અને અનામત હોવા છતાં તેમને પડતી હાલાકીને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. કોઈ સમાજને નીચુ દેખાડવાનો નહી.

# શંકરસિંહ વાઘેલાના નિવેદન મામલે કાજલ હિન્દુસ્તાનીનો પલટવાર: તમારા મોઢે થી પટેલ, બ્રાહ્મણ અને વાણીયાનુ નામ કેમ નિકળ્યું? તમારા મોઢે થી દરબારોનુ નામ કેમ ન નિકળ્યું?

પ્રતિનિધિ,ગાંધીનગર

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના વિવાદીત નિવેદન મામલે સામાજીક આગેવાન કાજલ હિન્દુસ્તાનીએ પ્રતિક્રિયા આપી છે, કાજલ હિન્દુસ્તાનીએ શંકરસિંહ વાઘેલાને સવાલો કરતા તેમના નિવેદન સામે વાંધો વ્યકત કર્યો હતો. કાજલ હિન્દુસ્તાનીએ સવાલ કર્યો હતો કે તમારા મોઢે થી પટેલ, બ્રાહ્મણ અને વાણીયાનુ નામ કેમ નિકળ્યું ? તમારા મોઢેથી દરબારોનુ નામ કેમ ન નિકળ્યું ? શું તમને લાગે છે કે તેઓ સીધા છે અને વિરોધ નહી કરે, એટલે તેમના માટે ગમે તે શબ્દો



વાપરી શકાય ? તેમણે વધુમાં કહ્યુ હતુ કે તમે દરબારોનુ નામ લેશો તો તમને ખબર છે કે તમને જ કાપી નાંખશે, તેમણે દાવો કર્યો હતો કે અનામત અને યુજીસી ના મુદ્દે સૌથી વધુ વિરોધ દરબારો અને કરણીસેના દ્વારા કરવામાં આવ્યો છે. કાજલ હિન્દુસ્તાનીએ શંકરસિંહ વાઘેલાને ઓફર કરતા કહ્યુ હતુ કે હું તમને મહિને ૧ લાખ રૂપીયા આપીશ, તમે જઈને ઉપાડો, એસસી/એસટી સમુદાયની સ્થિતિ અંગે કાજલ હિન્દુસ્તાનીએ કહ્યુ હતુ કે એસસી/ એસટી ની હાલત તમારા જેવા લોકોના કારણે છે, તેમણે આક્ષેપ કર્યો હતો કે એસસી/એસટી ના કેટલાક ભ્રષ્ટ નેતાઓના કારણે સરકાર દ્વારા ફાળવવામાં આવતા નાણાં તેમના લાભાર્થીઓ સુધી પહોચી શકતા નથી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માં એસસી/એસટી અને આદિવાસી કલ્યાણ માટે બજેટમાં વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા જનજાતિ કલ્યાણ, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ, આશ્રમશાળા અને રેસીડેન્સિયલ સ્કીમ સહિતની વિવિધ યોજનાઓ માટે રૂપીયા ૨ લાખ કરોડ ફાળવવામાં આવ્યા હોવાનો તેમણે દાવો કર્યો હતો. કાજલ હિન્દુસ્તાનીએ વધુમાં કહ્યુ હતુ કે દેશના રાષ્ટ્રપતિ પણ આદિવાસી સમુદાયમાંથી આવે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે તમારા જેવા નેતાઓ પટેલ, બ્રાહ્મણ અને વાણીયા જેવા સામાન્ય વર્ગના લોકોને ટાર્ગેટ કરે છે.

# સરકાર મંત્રીઓ મોકલી બાંહેધરી અપાવે છે અને બીજા દિવસે જંગલ ખાતુ ખેડુતોને રોકે છે : ખોપી માં વન અધિકાર સત્યાગ્રહ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સાગબારા તાલુકાના ૧૨ ગામના આદિવાસી ખેડુતોને જંગલ જમીન મુદ્દે ગઈ તારીખ ૨ ઓકટોબર ના રોજ ગાંધી જયંતિ નિમિત્તે ખોપી કરતલ ફાટક પાસે પુનઃ વન અધિકાર સત્યાગ્રહ જાહેરસભાનુ આયોજન કરાયુ હતું.

આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ વસાવા, ધારાસભ્ય અનંત પટેલ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપ સરકારની નીતીઓની આકરી ઝાટકણી કાઢી હતી. ખોપી ના જંગલ જમીન આંદોલન મુદ્દે શકુંતલાબેન વસાવા અને વર્ષાબેન વસાવાએ આક્રમક રજુઆત કરતા જણાવ્યુ હતુ કે ચૈતર વસાવા જેલમાં છે પણ આદિવાસીઓ એકલા નથી, સરકાર મંત્રીઓ મોકલી બાંહેધરી



અપાવે છે અને બીજા દિવસે જંગલ ખાતુ ખેડુતોને રોકે છે, છેલ્લા ૨ મહિનાથી ૧૨ ગામોના આદિવાસીઓ ખેતી વિના હેરાન રહ્યા હોવાનો પણ તેઓએ આરોપ મુકયો હતો.

# ગાંધીજયંતિ એ ગાંધીની જન્મભુમિમાં ૨,૭૪૮ બોટલ દારૂ ભરેલો બોલેરો ઝડપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પોરબંદરમાં ગાંધી જન્મજયંતિના દિવસે જ ૨,૭૪૮ બોટલ દારૂ ભરેલો બોલેરો ઝડપાઈ હતી. આરોપી પોલીસને થાપ આપી ભાગી ગયો હોવાથી તપાસ હાથ ધરવામાં આવી છે.



જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા પોરબંદર જિલ્લામાંથી દારૂ, જુગારની બદી દુર કરવા સુચના આપેલ હોય જે અન્વયે પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ તથા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારના પીઆઈ એમ ડી વાળાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન સોમનાથ થી દ્વારકા નેશનલ હાઈવે ઉપરથી એક શંકાસ્પદ ફોરવ્હીલ પીકઅપ વાહન પસાર થતા તેમજ તેની ઉપર કાળા કલરનો કાગળ ઢાંકેલ હોય જેમને રોકવાનો ઈશારો કરતા પીકઅપ વાહન રોકેલ નહી, જેથી તેની પાછળ પોલીસની બોલેરો ગાડીથી પીછો કરતા પીકઅપ વાહનના ડ્રાઈવરે કોલીખડા થી બખરલા રોડની સાઈડમાં કાચા રોડ રસ્તા પર પીકઅપ વાહન ઉભુ રાખી ચેક કરતા તેમાં ભારતીય બનાવટ ના ઈંગ્લીશ દારૂની પેટી નંગ ૨૨૯ બોટલ નંગ ૨,૭૪૮ કિંમત રૂપીયા ૧૭,૮૬,૨૦૦ તેમજ પીકઅપ વાહનની કિંમત રૂપીયા ૫ લાખ મળી કુલ રૂપીયા ૨૨,૮૬,૨૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા કક્ષાએ જાહેરનામુ પ્રસિધ્ધ કરાશે : ૧૨ વાગ્યા બાદ લાઉડસ્પીકર બંધ

# નવરાત્રીમાં હવે રાત્રે ૧૨ વાગ્યા સુધી લાઉડસ્પીકર સાથે ગરબા: રાજય સરકારે ખેલૈયાઓને આપી ૨ કલાક ની વધારાની છુટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના સૌથી મોટા અને ગૌરવશાળી લોકઉત્સવ એવા નવરાત્રી પર્વ પૂર્વે રાજય સરકાર દ્વારા ખેલૈયાઓ અને ગરબા આયોજકો માટે અત્યંત મહત્વપૂર્ણ અને રાહતભર્યો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકારે ચાલુ વરસે પણ નવરાત્રી મહોત્સવ દરમિયાન લાઉડસ્પીકર અને સાઉન્ડ સિસ્ટમ વગાડવાની સમયમર્યાદા લંબાવીને રાત્રે ૧૨ વાગ્યા સુધીની સત્તાવાર છુટછાટ આપી દીધી છે. સુપ્રિમ કોર્ટ અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડના નિયમો અનુસાર સામાન્ય દિવસોમાં રાત્રે ૧૦ વાગ્યા પછી લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ હોય છે. જો



કે નવરાત્રી એ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ હોવાથી તહેવારના દિવસોમાં વિશેષ જોગવાઈ હેઠળ રાજય સરકારે ૨ કલાકની વધારાની છુટ આપી છે. ગૃહ વિભાગ દ્વારા તમામ જિલ્લા કલેકટરો અને પોલીસ કમિશ્નરોને પોતાના અધિકાર ક્ષેત્રમાં અને આ અંગે તાત્કાલીક અસરથી વિધીવત જાહેરનામુ (નોટીફીકેશન) બહાર પાડવા સુચનાઓ આપી દેવામાં આવી છે. સરકારે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરતા નિયમો પણ નકકી કર્યા છે. રાત્રે ૧૨ વાગ્યા સુધી તમામ પાર્ટીપ્લોટ, કલબ, સોસાયટીઓ, શેરી ગરબામાં માઈક, લાઉડસ્પીકર અને ડી જે સિસ્ટમનો ઉપયોગ નિર્ધારીત ડેસિબલ મર્યાદામાં કરી શકાશે. રાત્રે ૧૨ વાગ્યા પછી લાઉડસ્પીકર અને સાઉન્ડ સિસ્ટમ સંપૂર્ણપણે બંધ કરવાના રહેશે, જો કે પરંપરાગત શેરી ગરબા કે મંડળી ગરબામાં શ્રધ્ધાળુઓ સાઉન્ડ સિસ્ટમ વગર માત્ર દેશી ઢોલ-નગારા અને કરતાલના તાલે મોડી રાત સુધી ગરબે ધુમી શકશે. આ નિર્ણયથી પાર્ટી પ્લોટ સંચાલકો, કલબો તેમજ શેરી મહોલ્લાના યુવાનો અને ખેલૈયાઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આ સાથે જ હોસ્પિટલો કે સાયલન્ટ ઝોન નજીક અવાજની મર્યાદા જાળવવા અને નિયમ ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવા સ્થાનિક પોલીસ તંત્રને સુચના અપાઈ છે.